સુવિચાર

આપણું સંપૂર્ણ ધ્યાન તો જે વર્તમાન સમય છે એને જ સાર્થક બનાવવામાં કેન્દ્રિત થવું જોઈએ.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી.

ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦

તા. ૩૧/૦૮/૨૦૨૩, ગુરૂવાર

ફોન : ૨૨૮૪૨૨

www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803

E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ

શિવ ફરસાણ (ધારીવાળા)

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ શ્રાવણ વદ-૧ વર્ષ : ૧૫ અંક : ૨૧૯


## આગામી ૧૧ સપ્ટેમ્બરથી દર અઠવાડીયે મુસાફરવર્ગને લાભ મળશે

# આનંદો : વેરાવળ-ચિતલ-બનારસ વચ્ચે રેલ્વે સેવા શરૂ

**વડિયા-કુંકાવાવ, ચિતલ, ખીજડીયા અને લાઠી થઈને બનારસ પહોંચશે**

**દર સોમવારે સવારે ૪:૧૫ કલાકે વેરાવળથી ઉપડી મંગળવારે બપોરે ૨:૩૫ બનારસ પહોંચશે**

**દર બુધવારે સવારે ૭:૩૦ કલાકે બનારસથી ઉપડી ગુરૂવારે સાંજે ૬:૪૫ કલાકે વેરાવળ પહોંચશે**

**અમરેલીનાં સાંસદ કાછડીયાનાં પ્રયત્નોથી જિલ્લાની જનતાને સૌ પ્રથમ લાંબા રૂટની રેલ્વે સેવા મળી**



પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લાને આઝાદીનાં ૭૬ વર્ષ બાદ સૌ પ્રથમ વખત લાંબા અંતરની વેરાવળ-ચિતલ-બનારસ રૂટની રેલ્વે સેવા મળતાં જિલ્લાની જનતામાં ખૂશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને અમરેલીનાં સાંસદ નારણભાઈ કાછડીયાની સતત રજૂઆત સફળ રહી છે.

અમરેલીનાં સાંસદ નારણભાઈ કાછડીયાનાં પ્રયાસોથી ભારત સરકારનાં રેલ્વે મંત્રાલય તરફથી વેરાવળથી બનારસ સુપરફાસ્ટ ટ્રેનને આગામી તા. ૧૧મી સપ્ટેમ્બરથી સંચાલિત કરવાની મંજૂરી પ્રદાન થયેલ છે.

આ તકે સાંસદે જણાવેલ છે કે, ઢસાથી જેતલસર સુધી મીટરગેજ લાઈનનું બ્રોડગેજમાં પરિવર્તન થયા બાદ આ ટ્રેક ઉપર લોકલ પેસેન્જર ટ્રેન કાર્યરત થયેલ પરંતુ લાંબા અંતરની એકપણ ટ્રેનનું સંચાલન થતું ન હતું. તેથી ઢસા-જેતલસર બ્રોડગેજ


અનુસંધાન પાના ૬ ઉપર


## સ્થાનિક નેતાઓનું દિલ્હી દરબારમાં માન-સન્માન હોવા છતાં પણ

# અમરેલી જિલ્લાની જનતાને બ્રોડગેજ રેલ્વે સહિતનાં પ્રશ્નોને લઈને આંદોલન કરવું પડે છે

**રાજકીય પક્ષોનાં એકપણ આગેવાન કે કાર્યકર રેલ્વેનો ર બોલતા નથી**

અમરેલી, તા. ૩૦

છેલ્લા કેટલાંક વર્ષોથી ધારી અંડરબ્રીજની અને આપણો સમગ્ર વિસ્તાર બ્રોડગેજની માંગણી કરતો હોવાં છતાં સરકાર કે તેના વારંવાર ચૂંટાયેલા તથા હાલનાં જવાબદાર પ્રતિનિધિઓ આ પ્રાણ પ્રશ્નનું કયારે નિરાકરણ થશે તેટલૂ કહેવામાં પણ અસમર્થ અને અસક્ષમ છે. તો શું આ આપણાં વિસ્તારને બ્રોડગેજ અપાવી શકે,?

અને આપણાં નેતાઓ માત્ર હાજી હાજી કરી શકે બાકી વટથી નિર્ણય લેવડાવવામાં તેનો પન્નો ટુંકો પડે તે હવે બ્રોડગેજ સહિતનાં અનેક નાનાં મોટાં પ્રાણપ્રશ્નો નિરાકરણ ન થતાં બિલકુલ સ્પષ્ટ સાબિત થઈ ગયું છે.

અને વિવિધ પક્ષનાં તથા નેતાઓનાં કાર્યકરો માત્રને માત્ર ચુંટણીમાં તથા પોતાના પક્ષની મીટીગોમાં માત્રને માત્ર બુંગણ અને ખુરશી પાથરી નેતાઓની આપલુસ કરી અને ચા-પાણીની વ્યવસ્થા કરી શકે અને જો સમય મળે તો મોટા નેતાઓ સાથે સેલ્ફી લઈ અઢળક ફોટાઓ વાયરલ કરી શકે બાકી કશુ જ ન કરી શકે તે પણ બિલકુલ સ્પષ્ટ અને સાબિત થઈ ગયું છે. નહી તો આટલાં દિવસોથી મીશન બ્રોડગેજ શરૂ હોય અને લાખો લોકોની સુખાકારી માટેની લડાઈ હોય છત્તાં સરકારના કોઈ પણ પ્રતિનીધીઓ બ્રોડગેજ નહી શું ફકત દિલાસો આપવા પણ ન આવી શકે. પણ ખરેખર રાજકીય આગેવાનો આજે આ મીશનનો હિસ્સો બનવાથી પોતાનું રાજકીય ભવિષ્ય ધુંધળુ બનશે તેવો ડર અથવા

# ડો. જીવરાજ મહેતા સમક્ષ ન્યાય માંગતી ગૌ-માતા



અમરેલી સહિત સમગ્ર જિલ્લામાં રખડતી-ભટકતી ગૌમાતાને કોઈપણ શાસકો સલામત સ્થળે ખસેડતા ન હોય ત્યારે અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં આવેલ ડો. જીવરાજ મહેતાની પ્રતિમાની સામે બેસીને ગૌ-માતા પોતાની સમસ્યા વર્ણવતી હોય તેવું દ્રશ્ય સ્વયંભુ ઉભુ થયું હોય કેમેરામાં કેદ થયેલ છે.

## ચલાલા નજીક આવેલ

# વાઘવડી ગામે માનસિક બીમારીથી કંટાળી યુવતીએ ઝેરી દવા પી લેતા મોત નિપજયું

**બનાવ અંગે સ્થાનિક પોલીસ કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૩૦

ધારી તાલુકાનાં વાઘવડી ગામે રહેતા કિરણબેન કાનજીભાઈ દાફડા નામની ૨૦ વર્ષિય યુવતીએ ગત તા. ૨૬/૮નાં રોજ માનસિક બીમારીથી કંટાળી જઈ પોતાની મેળે પોતાના ઘરે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી ગયેલ હોય. જેથી તેણીને સારવાર માટે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. જયાં તેણીનું સારવાર દરમિયાન તા. ૨૮નાં રોજ મોત નિપજયાનું ચલાલા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## આરોગ્ય જગતમાં ચકચાર જગાવતી ઘટના

# બાબરાની મધર કેર હોસ્પિટલનાં તબીબની બેકાળજીથી બાળકનું મોત

**પ્રસૂતાનાં પતિએ તબીબ વિરૂધ્ધ ફરિયાદ કરી**

અમરેલી, તા. ૩૦

ગાંધીનગર રહેતા નિખીલભાઈ ભરતભાઈ ડોડીયાનાં પત્નીને બાબરા ગામે આવેલ મધર કેર દવાખાને ડીલીવરી માટે દાખલ કરેલ હોય. જયાં મધર કેર હોસ્પિટલમાં તેમની પત્નીની સારવાર દરમિયાન ફરજ પરનાં ડોકટરે પુરતું ધ્યાન આપેલ ન હોય જેથી તેમના પત્નીને ડીલેવરી વખતે બાળક મરણ ગયાનું બાબરા પોલીસમાં જાહેર કરેલ છે.

## બાબાપુર ગામની સીમમાંથી પસાર થતી

# શેત્રુંજી નદીમાં ન્હાવા પડેલા તરૂણનું ડૂબી જતાં મોત

**પાણીમાં કાંપમાં પગ ખૂંચી જતાં બન્યો બનાવ**

અમરેલી, તા. ૩૦

અમરેલી નજીક આવેલ બાબાપુર ગામે રહેતા પ્રવિણભાઈ ઝીણાભાઈ વસોયાનાં ૧૪ વર્ષિય પુત્ર પ્રિયાંશુ ગત તા. ૨૮નાં રોજ બપોરે બાબાપુર ગામની સીમમાં આવેલ શેત્રુંજી નદીમાં ન્હાવા પડેલ અને પાણીની અંદર કાંપમાં આ તરૂણનો પગ ખૂંચી જતાં તે પાણીમાં ડૂબી જતાં મોત નિપજયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.


આકર્ષક પગારથી તાત્કાલીક જોઈએ છે

મેડિકલ ઓફીસર

RESUME સાથે નીચેના સરનામા પર રૂબરૂ સંપર્ક કરવો

સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ

ચિતલ રોડ, દત્ત મંદિર પાસે, અમરેલી.

મો.નં. ૯૯૭૮૯ ૬૬૬૨૯/૦૨૭૯૨ - ૨૨૩૩૧૬



Since 1986

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

રેતીમાં ઢોળાયેલ ખાંડ કીડી વીણી શકે, હાથી નહિ, તેથી ક્યારેય નાના માણસને નાનો ના ગણવો. ક્યારેક નાનો માણસ મોટું કામ કરી જાય છે.

લાઈવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868





નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...

ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084

ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 9723799091

ઉપલબ્ધ સુવિધાઓ...
- નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
- પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી
- ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
- વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનીક સારવાર/IUI
- ૨૪ કલાક કાર્યરત
- લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા

ઉપલબ્ધ સુવિધાઓ...
- રસીકરણ કેન્દ્ર
- નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
- આહાર સંબંધીત સમસ્યાઓ
- કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર
- જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર

ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

# અમરેલી : એસ.એચ. ગજેરા સ્કુલમાં રક્ષાબંધન પર્વની ભવ્ય ઉજવણી






ડો.જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ તથા શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના સંયુકત ઉપક્રમે આજ રોજ શાળા કેમ્પસમાં ભારતીય સંસ્કૃતિના ભાઈ– બહેનનાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમનાં સંયુકત ઉપક્રમે આજ રોજ શાળા કેમ્પસમાં ભારતીય સંસ્કૃતિના ભાઈ – બહેનના અણમોલ પ્રેમના પ્રતિક રક્ષાબંધનની ખુબ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાનાં શિક્ષક ભાઈ–બહેનો તેમજ સીટી તથા હોસ્ટેલના ભાઈ–બહેનો વિશાળ સંખ્યામાં જોડાયા હતા. બહેનોએ ભાઈઓને કુમકુમ તિલક કરી મો મીંઠુ કરાવી રક્ષાબંધન કર્યુ હતું. જેમાં શાળાનાં ૨૫૦૦ જેટલા ભાઈ–બહેનો આ ઉત્સવમાં સામેલ હતા. સમગ્ર ભારતમાં આ તહેવાર ઉમંગ અને ઉત્સાહથી ઉજવાય છે. શાળામાં દરેક ભારતીય તહેવારો તેમનાં સાંસ્કૃતિક મહત્વ સાથે ઉજવીને દેશ પ્રત્યે પોતાનો વ્યકત કરવા અને સાંસ્કૃતિક મૂલ્યનું જનત કરવા પ્રેરાય તેવો હેતુ છે. આ તહેવાર ભાઈ–બહેનનાં નિઃસ્વાર્થ પ્રેમ સાથે ભાઈનાં લાંબા આયુષ્યની બહેન પ્રાર્થના કરે છે. ભાઈ બહેનને આજીવન રક્ષણનું વચન આપે છે. ઘરથી દુર રહેતા વિદ્યાર્થીઓ આ તહેવારથી વંચી ન રહે તેથી વિદ્યાસભા પરિવારમાં વિશેષરીતે ઉજવણી કરવામાં આવી હતી. આ તકે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ સ્કુલ અને હોસ્ટેલના વ્યવસ્થાપકઓએ વિદ્યાર્થી ભાઈ–બહેનોને રક્ષાબંધનની હૃદયપુર્વક શુભકામનાં પાઠવી હતી.

### ધારાસભ્યનાં કાર્યાલય ખાતે

## સાવરકુંડલા ખાતે ઓબીસી સમાજને ૨૭ ટકા અનામત મળતા વધામણા કરાયા

### ભાજપનાં આગેવાનો મોટી સંખ્યામાં એકત્ર થયા



સાવરકુંડલા, તા. ૩૦

ગુજરાત સરકાર દ્વારા ઓબીસી સમાજ માટે ૨૭% અનામતની જાહેરાત કરવામાં આવી જેને ધારાસભ્યના કાર્યાલય મીઠા કરી વધામણા કરવામાં આવ્યા સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાનાં અટલ ધારા કાર્યાલય ખાતે આજે ગુજરાત સરકાર દ્વારાની જે અનામતની જાહેરાત કરવામાં આવી છે. તેના અનુસંધાને ભાજપનાંન હોદેદારો વિશાળ સંખ્યામાં મીઠા કરાવી આ જાહેરાતના વધામણા કરવામાં આવ્યા હતા.

### મહાપ્રસાદ, મહાઆરતી સહિતનાં કાર્યક્રમો વચ્ચે

## બાબરાનાં પંચકુંડ ખાતે બ્રહ્મસમાજ દ્વારા સમૂહમાં જનોઈ ધારણ કરવામાં આવી

### આચાર્ય યજ્ઞેશભાઈ વ્યાસે જનોઈ ધારણ કરાવી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૩૦

બાબરામાં બ્રહ્મસમાજ તેમજ યુવા બ્રહ્મસમાજ ગાયત્રી મંદિર દ્વારા દર વર્ષે બળેવનાં પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. જેમાં સવારે નવ કલાકે અહીં પંચકુંડે શ્રી નીલકંઠ મહાદેવનાં સાનિધ્યમાં આચાર્ય યગ્નેશભાઈ શુકલ દ્વારા તમામ ભુદેવોને વિધિ વિધાન સાથે નૂતન જનોઈ ધારણ કરાવે છે.

ત્યારબાદ અહીં બપોરે ૧૨, કલાકે ગાયત્રી મંદિર બ્રહ્મસમાજની વાડી ખાતે શ્રી અજબેર મહાદેવને થાળ ધરવામાં આવે છે અને મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાય છે જેનો લાભ શહેરનાં ભુદેવ પરિવાર દ્વારા મેળવી ધન્યતા અનુભવે છે.

## બાબરા ખાતે ભાજપ પરિવાર દ્વારા 'મન કી બાત' શ્રવણનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

ગત રવિવારનાં રોજ બાબરા શહેરના ૧ થી ૬ વોર્ડ વિસ્તારમાં શહેર ભાજપનાં પ્રમુખ મુકેશ ખોખરીયાનાં અધ્યક્ષસ્થાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં મન કી બાતનાં કાર્યક્રમનું શહેર ભાજપ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીની મન કી બાતનો કાર્યક્રમ વોર્ડ નંબર ૪ માં શહેર ભાજપના સિનિયર અગ્રણી મનોજભાઈ જેસાણીનાં નિવાસસ્થાને યોજાયો હતો. જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, મનોજભાઈ જસાણી, નગરપાલિકાનાં સદસ્ય અંકુરભાઈ જસાણી, દિનેશભાઈ ડાભી, દીપકભાઈ પંડયા, લાલભાઈ જસાણી, હિતેશભાઈ કલાલ, રાજુભાઈ સોની તેમજ અન્ય કાર્યકર્તાઓ અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સિવાય નગરપાલિકા પ્રમુખ લલિતભાઈ આંબલિયા, ઉપ પ્રમુખ વસંતભાઈ તેરૈયા, કારોબારી સમિતિનાં ચેરમેન ભુપતભાઈ બસિયા, શહેર ભાજપનાં યુવા પ્રમુખ હરેશભાઈ આંખજા સહિતના અગ્રણીઓ દ્વારા દરેક વાર્ડ વિસ્તારમાં મન કી બાતનાં શ્રવણનાં કાર્યક્રમો કરવામાં આવ્યા હતાં. જેમાં પણ મોટી સંખ્યામાં લોકો અને ભાજપના કાર્યકરો જોડાયા હતા.

## વીજપડી ખાતે હાઈસ્કૂલમાં ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા તાલુકાનાં વીજપડ ગામે વી.ડી. નગદિયા હાઈસ્કૂલ ખાતે ૧૫મી ઓગસ્ટમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ મેરી મિટ્ટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત વકૃત્વ સ્પર્ધા તેમજ રાખડી સ્પર્ધા અંતર્ગત ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓ બહેનો તમામને ઈનામ તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાનાં તમામ શિક્ષકો તેમજ કર્મચારીઓ હાજર રહ્યાં હતા તેમજ હાઈસ્કૂલનાં પ્રિન્સિપાલ મનોજભાઈ જોશી દ્વારા પ્રેરણાદાયી પ્રવચન આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

## ગીરગઢડા પોલીસ સ્ટેશનની શી–ટીમ દ્વારા સિનિયર સિટીઝનોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૩૦

ગીરગઢડા પોલીસ મથકે શી–ટીમ કાર્યરત છે જે હર હંમેશ સિનિયર સીટીઝન, મહિલાઓ અને બાળકોને મદદરૂપ બને છે. શી–ટીમ દ્વારા અલગ–અલગ જાગૃતતાનાં કાર્યક્રમો પણ યોજીને લોકોને માહિતી પ્રદાન કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને સિનિયર સીટીઝનને જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવે છે. ત્યારે ગઈકાલ ભાઈ–બહેનનાં સંબંધનો પવિત્ર તહેવાર રક્ષાબંધનનાં દિવસે ગીર ગઢડા પોલીસની શી–ટમનાં મહિલા પોલીસ ગીતાબહેન ડાભી સહિતનાં સ્ટાફ દ્વારા પોલીસ મથકનાં અલગ અલગ વિસ્તારોમાં રહેતા સિનિયર સીટીઝનને રાખડી બાંધી રક્ષા કવચ પૂરું પાડી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

### મહિલા વિકાસ ગૃહ ખાતે

## અમરેલીની અનાથ બાળકીઓ સાથે રક્ષાબંધનની ઉજવણી કરતાં યુવા નેતા મનિષ સંઘાણી



અમરેલી, તા. ૩૦

અમરેલીમાં આવેલ અમરેલી મહિલા વિકાસ ગૃહ ખાતે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાનાં ઉપાધ્યક્ષ અને અમરેલી જીલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ મનીષ સંઘાણી દ્વારા મહિલા વિકાસ ગૃહની બાળાઓ સાથે સહપરિવાર ઉપસ્થિત રહી ભાઈ–બહેનોનો પવિત્ર તહેવાર રક્ષાબંધનની ઉજવણી કરી હતી. જેમાં તમામ બાળાઓ દ્વારા યુવા નેતા મનીષ સંઘાણીને રક્ષા હેતુ રાખડી બાંધી હતી. તમામ દીકરીઓને ફૂલ નહી તો ફૂલ રૂપી ભેટ આપી હતી અને બાળાઓને ભોજન કરાવ્યું હતું.

# સાવરકુંડલામાં રક્ષાબંધન પર્વની આનંદ, ઉલ્લાસ અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી






આમ તો રક્ષાબંધન એટલે ભાઈ બહેનના પવિત્ર પ્રેમના પ્રતિકનો તહેવાર. જો કે આ વર્ષે રક્ષાબંધન પર્વ નિમિત્તે રાખડી બાંધવાના મૂહૂર્ત વિશે થોડી અવઢવ હતી એટલે લોકો પણ વિદ્વાન બ્રાહ્મણોનાં મંતવ્ય જાણીને રાખડી બાંધવાનું મૂહૂર્ત જાણવા માટે ટેલીફોનીક કે કોઈ પણ સંદેશાવ્યવહારનાં માધ્યમ દ્વારા જાણતાં જોવા મળ્યાં હતાં. ભદ્રકાલનો ત્યાગ કરવો જોઈએ? એ વિશે આમજનતા અસમંજસમાં હોય એટલે પ્રકાંડ પંડિતોનું માર્ગદર્શન અને સલાહ લેતાં જોવા મળ્યાં હતાં. આમ તો સાવરકુંડલા શહેરની એક ખાસ ઓળખ હોય તો વાર તહેવારે અહીં ઊંધિયું, ખમણ, ફરસાણ, મીઠાઈ વગેરે આરોગવાનો ખાસ્સો ક્રેઝ હોય એટલે ફરસાણ અને મીઠાઈવાળા પણ આજે રક્ષાબંધન પર્વ નિમિત્તે પેટ ભરીને ધંધો કરતાં જોવા મળેલ. તો અમુક લોકો તો આજે રક્ષાબંધનનાં છેલ્લી ક્ષણોમાં પણ રાખડી, મીઠાઈ ખરીદતાં જોવા મળ્યા હતાં. એકંદરે આજે યજ્ઞોપવિત બદલવાની (જનોઈ બદલવાની વિધિ) પણ મૂહૂર્ત જોઈને કરવામાં આવતી હતી. એકંદરે રક્ષાબંધન પર્વની આનંદ ઉલ્લાસ અને ઉમંગ સાથે લોકો દ્વારા હોંશે હોંશે ઉજવણી કરવામાં આવી.

સરકારની ઓબીસી સમાજને ૨૭ ટકા અનામતની જાહેરાત સમાજને ગેરમાર્ગે દોરનારી

# ઓબીસી સમાજના સ્વાભિમાન આંદોલનના ડરથી સરકારે એક વર્ષ બાદ અનામતનો નિર્ણય લીધો : અમિત ચાવડા

## સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ઓબીસી અનામતની જાહેરાતમાં સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈનનું સરેઆમ ઉલ્લંઘન

અમદાવાદ, તા. ૩૦

સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ઓબીસી સમાજને અનામત મુદ્દે રાજયની ભાજપ સરકાર દ્વારા કરવામાં આવી રહેલા અન્યાયના મુદ્દે જસ્ટીસ ઝવેરી કમિશનના રીપોર્ટ પર પ્રેસ કોન્ફરન્સમાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં અલગ અલગ રાજયોમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ઓબીસી અનામત માટે જે અલગ અલગ જોગવાઈ અને વ્યવસ્થા હતી, તેના બદલે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ દરેક રાજય પોતાના વિસ્તારોમાં ઓબીસીની વસ્તી ગણતરી કરાવી, યુનિટ અનુસાર એટલે કે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા હોય તેને એક યુનિટ ગણી, તે યુનિટમાં ઓબીસીની વસ્તી ગણતરી કરાવીને સુપ્રીમ કોર્ટમાં રીપોર્ટ જમા કરાવી, અનામતની જોગવાઈઓ લાગુ કરવાની વ્યવસ્થા કરવામાં આવે તેમ જણાવવામાં આવ્યું હતું.

સુપ્રીમ કોર્ટના આ ચુકાદા બાદ ગુજરાત સરકારે આટલા વર્ષો સુધી કઈ ના કર્યું, તેના લીધે જયારે ૨૦૨૧માં સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો ત્યારપછી ગુજરાત સરકારે જુલાઈ ૨૦૨૨ માં પંચાયતોની ચૂંટણી માટે બહાર પાડેલા જાહેરનામામાં ઓબીસી સમાજની દસ ટકા અનામત નાબુદ કરવામાં આવી એટલે કે ઓબીસી સમાજનું સ્થાનિક સ્વરાજયમાંથી રાજકીય અસ્તિત્વ નાબુદ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. જેના ઘેરા પ્રત્યાઘાત પડયા અને ઓબીસી સમાજ દ્વારા ખૂબ ઉગ્ર વિરોધ થયો. અમે સૌ લડયા, કોંગ્રેસ પક્ષ પણ લડયો અને તેના કારણે સરકારે ઝવેરી કમીશન બનાવવાની ફરજ પડી.

૨૨ જુલાઈ ૨૦૨૨ ના રોજ જસ્ટીસ ઝવેરીજીના નેતૃત્વમાં સમર્પિત આયોગ બનાવવામાં આવ્યું. ૯૦ દિવસમાં રીપોર્ટ આપવાનો હતો તેના બદલે બે વખત મુદત વધારી. ફેબ્રુઆરી ૨૦૨૩માં મુદત પૂરી થઇ ગઈ હોવા છતાં રીપોર્ટ આપવામાં ના આવ્યો. ત્યારે વિધાનસભા સત્રમાં પણ અમે સૌએ સરકારને વિરોધ સાથે રજૂઆત કરી, આ રીપોર્ટના આવવાને કારણે ઓબીસી સમાજને અન્યાય થાય છે તો બીજી તરફ તેના કારણે ગુજરાતમાં ચૂંટણીઓ ના થતાં વહીવટદારોનું શાસન ચાલી રહ્યું છે. તેમ છતાં સરકારે કોઈ કાર્યવાહી ના કરી.

વધુમાં અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, ત્યારબાદ કોંગ્રેસનું ડેલીગેશન ૧૧ એપ્રિલ ૨૦૨૩ના રોજ ગવર્નરને મળ્યું અને તેઓને સરકારને આદેશ આપવા માટે રજૂઆત કરી. ગવર્નરના આદેશ બાદ ૧૨ એપ્રિલ ૨૦૨૩ના રોજ સરકારે સમર્પિત આયોગના રિપોર્ટનો સ્વીકાર કર્યો. અમને આશા હતી કે ૧ વર્ષથી આ પ્રક્રિયા ચાલે છે તો સરકાર આ રીપોર્ટ પર તાત્કાલિક કાર્યવાહી કરશે પણ એપ્રિલમાં આપવામાં આવેલા આ રીપોર્ટ પર કોઈ કાર્યવાહી કરવામાં ના આવી. તેના જ કારણે ફરીથી ગુજરાતભરના ઓબીસી આગેવાનોએ એકત્રિત થઈને બિનરાજકીય આંદોલન કરવાનું નક્કી કર્યું, કોંગ્રેસે આંદોલનને સમર્થન કર્યું.

૨૨ ઓગસ્ટના રોજ ગાંધીનગરમાં સ્વાભિમાન ધરણા થયા અને ગુજરાતભરમાંથી હજારોની સંખ્યામાં ઓબીસી સમાજના લોકો ગાંધીનગરમાં ઉમટયા અને મંચ પરથી નક્કી કરવામાં આવ્યું કે સરકાર કાર્યવાહી નહીં કરે તો રસ્તા પર ઉતરીને હક્ક અધિકારો માટે લડીશું. એક વર્ષથી ઊંઘતી સરકાર સ્વાભિમાન આંદોલન થતા જાગી, પાંચ મંત્રીઓની કમિટી બનાવી તાત્કાલિક નિર્ણય કરવા માટે આ કેબીનેટની બેઠકમાં મુદ્દો લીધો. જે રીતે સરકાર તરફથી મંત્રીએ જાહેરાત કરી છે તે જોતા સ્પષ્ટ લાગે છે કે સરકારની પહેલા પણ મંશા સારી નહોતી અને આજે પણ નથી, એટલા માટે કે સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ આદેશ હતો કે દરેક રાજયે પોતાના રાજયમાં યુનિટ એટલે કે ગ્રામ પંચાયત, તાલુકા અને જીલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાને યુનિટ ગણી તેમાં જેટલી ઓબીસીની વસ્તી હોય તે મુજબની વસ્તી ગણતરી કરાવી અનામત આપવા જણાવેલું.

વધુમાં અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, સમર્પિત આયોગના રીપોર્ટમાં પણ સ્પષ્ટ ભલામણ કરવામાં આવી છે. ગુજરાતના જે આઠ મહાનગરો– અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જુનાગઢ અને ગાંધીનગર છે તેમાં સરેરાશ ૪૦ ટકા વસ્તી ઓબીસી સમાજની વસ્તી છે. ગુજરાતની ૧૬૦ નગરપાલિકામાં સરેરાશ ૫૪ ટકા ઓબીસી સમાજની વસ્તી છે, આખા ગુજરાતમાં પેસા એક્ટ હેઠળના વિસ્તાર સિવાયના જિલ્લાઓમાં એવરેજ ૫૪ ટકા વસ્તી ઓબીસી છે. આ અનુસાર અનામત મળે તેવો સ્પષ્ટ ઉલ્લેખ રીપોર્ટમાં કરવામાં આવ્યો છે, ૪૯ ટકાની જે અપર લીમીટ નક્કી થઈ છે. તેમાં પણ આજની તારીખે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ઓબીસી સમાજને ૧૦ ટકા અનામત મળે છે, એસ.સી. અને એસ.ટી. સમાજને એમની જેટલી વસ્તી છે એ જે તે યુનિટમાં છે એ મુજબ અનામત આપવામાં આવે છે. ત્યારે ૫૦ ટકાની લીમીટમાં એસ.સી. અને એસ.ટી. સમાજને વસ્તીના ધોરણે અનામત મળતી હોય તો ઓબીસી સમાજને પણ વસ્તીના ધોરણે અનામત આપવામાં આવે.

જો કોઈ યુનિટમાં એસ.સી. સમાજને ૭ ટકા અને એસ.ટી. સમાજને ૧૪ ટકા અનામત આપવામાં આવતી હોય તે યુનિટમાં ઓબીસી સમાજને ૨૭ ટકા અનામત આપવામાં આવે તો વાંધો હોઈ શકે નહીં, પણ જો એસ.સી., એસ.ટી. સમાજને ઓછી અનામત આપવામાં આવતી હોય તો ૫૦ ટકાની મર્યાદામાં ઓબીસી સમાજને ૪૭ ટકા અનામત આપવામાં આવે. ઉદાહરણ તરીકે અમદાવાદ શહેરમાં મહાનગરપાલિકાની ૧૯૨ બેઠકો છે, જેમાં શહેરમાં એસ.ટી. સમાજની ૧ ટકા વસ્તી છે તો તે અનુસાર એસ.ટી. અનામત આપવામાં આવે, એસ.સી. સમાજની ૮ ટકા વસ્તી છે તો તે અનુસાર એસ.સી. અનામત આપવામાં આવે ત્યારે ૪૯ ટકાની અપર લીમીટમાં બાકી બચતી ૪૦ ટકા અનામત ઓબીસી સમાજને આવે તો કોઈને પણ અન્યાય ના થાય, તેવી જ ઝવેરી કમિશનના રિપોર્ટમાં પણ ભલામણ કરવામાં આવી છે. પણ સરકાર આ રિપોર્ટને ઘોળીને પી ગઈ છે અને સુપીર્મ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરી રહી છે. સરકારે રાજકીય નફા–નુકસાનના એજન્ડા સાથે જાહેરાત કરી છે. આ જાહેરાત કોઈપણ સંજોગોમાં સ્વીકારી ના શકાય, આ જાહેરાત ઓબીસી સમાજને અન્યાયકર્તા છે, ઓબીસી સમાજનો હક્ક અધિકાર છીનવવા બરાબર છે.

પરિણીતાએ પતિનાં કહેવાથી પ્રેમી સાથેનો સંબધ તોડી નાખતા

# ખાંભાનાં મોટા સમઢિયાળા ગામે રહેતી પરિણીતાની તેનાં સુરત ખાતે રહેતા પ્રેમીએ છરી વડે હત્યા કરી

## સ્થાનિક પોલીસે આરોપી વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકાનાં મોટા સમઢિયાળા ગામે રહેતી એક પરિણીતાને સુરત રહેતા ઈસમ સાથે પ્રેમ સંબંધ હોય અને તેણી આરોપી સાથે વ્હોટએપમાં મેસેઝથી વાત કરતા હોય, પરંતુ તેણીનાં પતિને આ પ્રેમ સંબંધની જાણ થતાં પરિણીતાના પતિએ આરોપી સાથે પ્રેમ સંબધ નહીં રાખવાની વાત કરેલ હતી. જેથી પરીણિતાએ આરોપી સાથે પ્રેમ સંબંધ પુરો કરી નાખેલ હોય, તે વાતનું મનદુઃખ રાખી આરોપી સુરતથી મોટા સમઢિયાળા ગામે આવી પરિણીતાને કહેલ કે તે મારી સાથે કેમ પ્રેમ સંબધ પુરો કરી નાખેલ છે અને તું કેમ મારી સાથે બોલતી નથી, તેમ કહી પરિણીતાને આરોપીએ જેમફાવે તેમ ગાળો આપી ઉશ્કેરાઈ જઈ આરોપીએ કેડમાંથી છરી કાઢી પરિણીતાને બે ઘા વાસાનાં ભાગે તથા એક ઘા ડાબી બાજુના પડખાના ભાગે મારી લોહીલુહાણ કરી ડાબી બાજુ પડખાનાં ભાગે મારેલ છરી તેણીના શરીરની અંદર રહેવા દઈ નાશી ગયો હતો. ઘવાયેલ પરિણીતાને સારવાર માટે સાવરકુંડલા દવાખાને લઈ જતા હતા તે દરમ્યાન રસ્તામાં તેણી મરણ ગયેલ હતી.

આ બનાવમાં મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકાના મોટા સમઢિયાળા ગામે રહેતી હેતલબેન નામની પરિણીતાને સુરત ગામે રહેતા ભાવેશભાઈ બાવચંદભાઈ દાફડા (મુળ મોટા સમઢીયાળા) ઈસમ સાથે પ્રેમ સંબંધ હોય અને તેણી આરોપી ભાવેશભાઈ દાફડા સાથે વ્હોટએપમાં મેસેઝથી વાત કરતા હોય, પરંતુ તેણીના જયેશભાઈને આ પ્રેમ સંબંધની જાણ થતાં પરિણીતાને તેણીના પતિએ આરોપી સાથે પ્રેમ સંબધ નહીં રાખવાની વાત કરેલ હતી. જેથી પરીણિતાએ આરોપી સાથે પ્રેમ સંબંધ પુરો કરી નાખેલ હોય, તે વાતનું મનદુઃખ રાખી આરોપી સુરતથી મોટા સમઢિયાળા ગામે આવી ગઈ કાલે સાંજના સમયે મોટા સમઢિયાળા ગામે મેઈન બજારમાં પરિણીતાને કહેલ કે, તે મારી સાથે કેમ પ્રેમ સંબધ પુરો કરી નાખેલ છે, અને તું કેમ મારી સાથે બોલતી નથી ? તેમ કહી પરિણીતાને આરોપીએ જેમફાવે તેમ ગાળો આપી ઉશ્કેરાઈ જઈ આરોપીએ પોતાની કેડમાંથી છરી કાઢી અને પરિણીતાને બે ઘા વાસાના ભાગે તથા એક ઘા ડાબી બાજુના પડખાના ભાગે મારી લોહી લુહાણ કરી ડાબી બાજુ પડખાના ભાગે મારેલ છરી તેણીના શરીરની અંદર રહેવા દઈ નાશી ગયો હતો. ઘવાયેલ પરિણીતાને સારવાર માટે સાવરકુંડલા દવાખાને લઈ જતા હતા તે દરમ્યાન રસ્તામાં તેણી મરણ ગયેલ હતી.

આ બનાવ અંગે રાધીકાબેન વા/ઓ પ્રતાપભાઈ રમેશભાઈ સોલંકી તે ડો/ઓ રમેશભાઈ ગોવિંદભાઈ દાફડાએ ખાંભા પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

નાના એવા ગામમાં પ્રેરણાદાયી ઘટના

# ખાંભાનાં નાના બારમણ ગામે માતાનું અવસાન થતાં બે દીકરીઓએ માતાને કાંધ આપી

## માતાનાં મૃતદેહને અગ્નિ દાહ પણ આપ્યો

ખાંભા, તા. ૩૦

ખાંભાનાં નાના બારમણ ગામે માતાનું અવસાન થતાં બે દીકરીઓએ માતાને કાંધ આપી અગ્નિદાહ દીધો. ખાંભાના નાના એવા નાના બારમણ ગામે રહેતા ગરીબ મોચી પરિવારના ભીખાભાઈ સોન્ડાગરને સંતાનમાં બે દીકરીઓ જ છે જે બંને દીકરીઓ સાસરે છે. ભીખાભાઈની ધર્મ પત્ની હંસાબેન ઉંમર વર્ષ–૪૫ નું દમની બીમારીમાં અવસાન થતા તેઓની બંને પુત્રીઓએ નાના બારમણ ગામે આવી માતાની નનામીને કાંધ આપી માતાનાં મૃતદેહને સ્મશાન સુધી પહોંચાડી માતાનાં મૃતદેહને અગ્નિસંસ્કાર આપી દીકરીઓએ પોતાની ફરજ નિભાવી.


તસ્વીર : ભરત બારૈયા–ખાંભા

# સાવરકુંડલા ખાતે લાડકી દીકરીઓએ જાતે રાખડી બનાવી



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા શહેરમાં મણીભાઈ ચોક ખાતે આવેલ સરકારી પ્રાથમિક કન્યાશાળાની લાડકી દીકરીઓએ જાતે રાખડી બનાવી હતી. અને નવરાત્રી દરમિયાન પહેરવાનાં સેટ પણ બનાવ્યા હતાં જે આ શાળાની you tube channel પર અમે આર્ટ ગેલેરી વિડીયો મુકવામાં આવેલ છે. એમ શાળાનાં આચાર્યા ભારતીબેન રાઠોડની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

શિવાજી ચોકથી રાધેશ્યામ હોટેલ વચ્ચે

# અમરેલીમાં બાઈક ઉપર વિદેશી દારૂની હેરફેર પોલીસે ઝડપી લીધી

## રૂપિયા ૫૪ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૩૦

અમરેલીનાં જેશીંગપરામાં રહેતા વિજયભાઈ ઉર્ફે લાલો ભીખુભાઈ મકવાણા તથા કિશનભાઈ દિપકભાઈ પાથરે પોતાનાં હવાલાવાળા મોટર સાઈકલમાં ભારતીય બનાવટનાં અલગ અલગ કંપનીનો વિદેશી દારૂ તથા બીયર એક લાલ કલરની મોટર સાઈકલ નં. જીજે–૧૪–એએસ–૮૬૮૨ કિંમત રૂા.૩૫,૦૦૦ વાળા ઉપર આજે સવારે શિવાજી ચોકથી રાધેશ્યામ ચોકડી, બાયપાસ રોડ ઉપરથી પસાર થતાં હોય ત્યારે સીટી પોલીસે બાતમીનાં આધારે આ બંને ઈસમોને કુલ કિંમત રૂપિયા ૫૪,૩૮૪ મુદ્દામાલની હેરાફેરી કરતા રંગે હાથ ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.




''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના
પંચાગ
આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી
ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


YAMAHA RACING
॥ વંદે માતરમ્ ॥
FZS
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
135kg
Side Stand Engine cut-off Switch
Light Weight
3D Emblem
Durable 149cc fuel Injection Engine
Two-level Single Piece Seat
» - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...

EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Hero
go BIG go XOOM

XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
HONDA
કિંમત રૂા. 64,900/-* થી શરૂ

સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

# સાવરકુંડલાનાં વિદ્વાન બ્રાહ્મણનું રક્ષાબંધન પર્વ નિમિત્તે કેટલીક રસપ્રદ બાબતોનું અહીં વર્ણન

સાવરકુંડલા, તા. ૩૦

સમસ્યા એ છે કે આજના કહેવાતા લોકો પાસે શાસ્ત્રોનો યોગ્ય અભ્યાસ નથી. તેમને માત્ર પરિણામની થોડી જાણકારી હોય છે. હવે એવું કહેનારાઓને શું કહેવું, જેઓ કહેતા હોય કે તમે ગમે ત્યારે મનાવી શકો, તમારે સુવિધા જોવી જોઈએ. આવા મહાન જ્ઞાનીઓને જવાબ આપવો પણ વ્યર્થ છે. જેઓનું માનવું છે કે જયારે પણ તેઓ મનાવે મનાવીલે, તેમણે ૩૧ ઓગષ્ટે મનાવવી હોય ભલે મનાવી લે. શ્રાવણ પૂર્ણિમા જોવાની પણ શું જરૂરી છે. તેમની ચર્ચા કરવી નિરર્થક છે.બીજા વર્ગમાં એવા લોકો આવે છે જેમણે અમુક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે, પરંતુ સૂક્ષ્મ બુદ્ધિના અભાવને કારણે, સૂત્ર જાણ્યા પછી પણ, તેઓ યોગ્ય રીતે સમજાવી શકતા નથી, તેઓ તેમના માટે ઉકેલ લાવે છે. તેઓ દયાને પાત્ર છે. સામાન્ય નિયમ છે કે ભદ્રામાં કોઈ શુભ કાર્ય કરવામાં આવતું નથી. તેનો ભદ્રા વાસ અને મુખ પુછ વગેરે પરિહાર છે. આ એક સામાન્ય નિયમ છે, તેથી, મુહૂર્ત વિચાર, નિર્ણયસિંધુ વગેરે ગ્રંથોમાં, જયાં લગભગ તમામ મુહૂર્ત અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. ભદ્રાનો ત્યાગ કરવાનું બધે કહ્યું નથી. જરાય જરૂર નથી. આ સામાન્ય નિયમ છે. ખાસ કરીને હોલિકા દહન અને રક્ષાબંધન માટે ભદ્રાનો ત્યાગ કરવાની શું જરૂર હતી? નિર્ણાયામૃતમાં કહેવામાં આવ્યું છે કે રક્ષાબંધન ભદ્રાની સમાપ્તિ પર જ કરવું જોઈએ. આ નિયમની આવશ્યકતા એટલા માટે પડી કારણ કે સંપૂર્ણ ભાદ્રાનો ત્યાગ કરવામાં આવે છે.શુભ ભદ્રા અશુભ ભદ્રામાં કોઈ ગુણ કે બાધા નથી. અભિજીત મુહૂર્ત તમામ કાર્યો માટે નથી લેવાતું.

શુભ હોવા છતાં દરેક શુભ કાર્ય માટે શુભ નથી. માટે ભદ્રા વાસ વગેરેના ભ્રમમાં ન પડવું. ભદ્રકાલનો ત્યાગ કરવો.જેઓ કહે છે કે તે ૩૧ ઓગષ્ટને ગુરૂવારના રોજ રક્ષાબંધન છે, તેઓને શાસ્ત્રોનો પદ્ધતિસર અભ્યાસ કરવો જોઈએ.નામની આગળ નકામી પદવીઓ લગાવવાને બદલે શાસ્ત્રોના અભ્યાસ પર ધ્યાન આપો.૩૧ ઓગષ્ટના રોજ રક્ષાબંધન કયારેય સાબિત થતું નથી. ત્રિમુહૂર્ત વ્યાપિની, જયારે પૂર્ણિમા નથી, તો મુહૂર્ત કયાંથી આવ્યું? જો તમારે આ રીતે ઉજવણી કરવી હોય, તો ૩૧ ઉજવો. જયારે તમે ઈચ્છો ત્યારે ઉજવણી કરો. ત્રિમૂહુર્ત એટલે ૬ ઘટી.૨ ઘટી એટલે ૪૮ મિનિટ.આને ૬ ઘટી એટલે ૧૪૪ મિનિટ.માટે ૩૧ ઓગષ્ટને ગુરૂવારના રોજ ૧૪૪ મિનિટ કરતાં ઓછી પૂનમ તિથિ હોવાથી અને એકમ તિથિનો ક્ષય હોવાથી આ દિવસે રક્ષાબંધન થઈ શકે નહી.એક વિશેષ વર્ગ એવો છે જે કહે છે કે રાત્રે રક્ષાબંધન કરાય? તેઓ પોતે જ નિયમો બનાવે છે. રાત્રે રક્ષાબંધનની ઉજવણી ન કરવાનો કોઈ શાસ્ત્રીય નિયમ નથી. પરંતુ એવું કહેવામાં આવ્યું છે કે ભદ્રાના અંતમાં જો રાત્રે રક્ષાબંધન હોય, તો પણ રાત્રે રક્ષાબંધન કરવું જોઈએ, ''તત્સત્વે તુ રાતૌ અપિ તદન્તે કુર્યાત્''.

અસ્તુ, ૩૦ ઓગસ્ટે રક્ષાબંધન માત્ર ભદ્રાની સમાપ્તિની રાત્રે જ કરવી જોઈએ. જો તમારે શાસ્ત્રોનું પાલન કરવું હોય તો આ નિર્ણય છે. તમને કોઈ રોકવા નહીં આવે. તમે કાર્ય કરવા માટે સ્વતંત્ર છો. શાસ્ત્રનો નિયમ એના માટે છે જેને એમના પર શ્રદ્ધા છે.રાખડી બાંધતી વખતે બોલવાનો મંત્ર :–

**અર્થ** :–હું તમને રક્ષાસુત્રનાં તે દોરાથી બાંધું છું જેનાથી મહાન પરાક્રમી રાક્ષસ રાજા બલિને બાંધવામાં આવ્યા હતાં, જે તમારી રક્ષા કરશે, હે રક્ષા, તું ચલાયમાન ન થા, તું ચલાયમાન ન થા. રક્ષાબંધનના પાવન પર્વની આપ સૌને શુભકામનાઓ સહ જયશ્રીકૃષ્ણ.

**શાસ્ત્રી શ્રી જીતેન્દ્રભાઈ ખીરા**
**(ભાગવતાચાર્ય જયોતિષ)**
**શાસ્ત્રી અનિલભાઈ ખીરા**
**(એમ.એ., બી.એડ)**
**એસ્ટ્રોલોજી એન્ડ વાસ્તુ**

# અમરેલી : કેશવ કો–ઓપરેટીવ સોસાયટી દ્વારા રક્ષાબંધન કાર્યક્રમ સંપન્ન



અમરેલી, તા. ૩૦

કેશવ કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી અમરેલી દ્વારા રક્ષાબંધન કાર્યક્રમ સંપન્ન. અમરેલી કેશવ કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીનાં સંયોજક કનુભાઈ કરકરની સૂચના મુજબ કેશવ કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી તરફથી ગ્રાહકને લોન તેમજ મળતી આર્થિક સુવિધાઓની જાણકારી આપવા તેમજ ગ્રામ્ય સંપર્ક હેતુ ''રક્ષાબંધન''નું આયોજન થયેલ. તે અંતર્ગત આજે કેશવ કો.ઓપરેટીવ ક્રેડીટનાં કર્મચારી કવિતભાઈ જેઠવા અને સદસ્ય મહેન્દ્રભાઈ જોષીએ ''ગીરીયા'' અને ''ભૂતીયા'' બંને ગામની શાળામાં ગ્રામ્યજનોને લોન અને અપાતી અન્ય સુવિધાની કવિતભાઈએ સુંદર જાણકારી આપી. મહેન્દ્રભાઈ જોષીએ રક્ષાબંધન પર્વ વિશે વિસ્તૃત છણાવટ કરી પોતાની આગવી શૈલીમાં મોજ કરાવી. આ કાર્યક્રમમાં બન્ને શાળાનાં આચાર્ય તથા સ્ટાફનાં શિક્ષક ભાઈઓ–બહેનોએ ઉત્તમ સહયોગ આપ્યો. સરપંચ રોહિતભાઈ તેમજ ગામજનોએ સહયોગ આપ્યો. જાગૃત નાગરિક તરફથી ઉપસ્થિત તમામ ભાઈઓ–બહેનોને અલ્પહાર આપી સાચી માહિતી મળ્યા બદલ સંતોષ વ્યકત કર્યો.

લાડકવાયો દિકરો અમરેલીનું સંતાન, પ્રથમ મુખ્યપ્રધાન, જીવી ગયો જીવરાજ

# અમરેલી : બાલભવન ડો. જીવરાજ મહેતાની ૧૩૬મી જન્મ જયંતિ નિમિત્તે વિવિધ સંસ્થાઓ દ્વારા સ્મરણાંજલિ અર્પિત કરાઈ

## ડો. જીવરાજ મહેતાનું ઋણ અમરેલીની જનતા કયારેય ચુકવી નહી શકે



અમરેલી, તા. ૩૦

ગુજરાત રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી અને શિલ્પી એવા અમરેલીનાં પનોતા પુત્ર ડો. જીવરાજ મહેતાની ૧૩૬ મી જન્મ જયંતિ નિમિત્તે ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત શ્રી ગિરધરભાઈ સંગ્રહાલય–બાલભવન ખાતે અમરેલીની વિવિધ સંસ્થાઓ દ્વારા તેમને સ્મરણાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

માત્ર ગુજરાત જ નહી પરંતુ અમરેલીનાં વિકાસમાં જેમનો મહત્વનો અને મુખ્ય ફાળો રહ્યો છે એવા અમરેલીનાં પનોતા પુત્ર અને પુ. મહાત્મા ગાંધીનાં અંગત તબીબ એવા ડો. જીવરાજ મહેતાએ અમરેલીને દેશભરમાં નામના અપાવી હતી. ડો. જીવરાજ મહેતાનો જન્મ અમરેલીમાં ૨૯ ઓગષ્ટ ૧૮૮૭ માં થયો હતો અને ૭ નવેમ્બર ૧૯૭૮ માં તેમનું દેહાવસાન થયું હતું.

ડો. જીવરાજ મહેતાએ આઝાદીની લડાઈથી માંડીને હિન્દુસ્તાનનાં ભાગલા સુધી યશસ્વી કામગીરી કરી હતી. અનેક ક્ષેત્રોમાં તેઓએ દેશ માટે કામગીરી કરી હતી. જેનો વિગતવાર ઈતિહાસ ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ દ્વારા પ્રસિદ્ધ કરાયેલ પુસ્તક ડો. જીવરાજભાઈ મહેતાનું ભાતીગળ જીવનમાંથી જાણવા મળે.

ગુજરાત રાજયની રચના પછી તેઓ ગુજરાતનાં પ્રથમ મુખ્યમંત્રી બનતા તેઓના ઉપર મોટી જવાબદારી આવી હતી. પ્રથમ કાર્ય તેઓ સમગ્ર વહીવટી તંત્રને સુદ્રઢ કરવાનું શરૂ કર્યું અને ત્યાંથી જ ગુજરાતની વિકાસ ગાથા શરૂ કરી. મુંબઈ રાજયમાં સતત આઠ વર્ષ સુધી નાણા ખાતાની જવાબદારી સંભાળી હોવાથી એક કુશળ અર્થશાસ્ત્રી તરીકે તેઓએ ગુજરાતનો ઝડપી અને આયોજન બધ્ધ વિકાસ કેમ થાય તેનો રોડ મેપ તેના મગજમાં હતો જ અને તેથી તેમણે એક પછી એક મહત્વના પ્રોજેકટો હાથ ઉપર લઈને ગુજરાતને વિકાસનાં પથ ઉપર ચડાવ્યું. ગુજરાતનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી એટલે ખેડૂતોને ખાતરની ખેંચ ના પડે એટલે પ્રથમ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપનીની સ્થાપના કરીને ખાતરનું ઉત્પાદન શરૂ કરાવ્યું. આ સિવાય વડોદરા પેટ્રોકેમિકલ્સ, કોયલી રીફાઈનરી, નર્મદા ડેમનું ખાતમુહૂર્ત, ગુજરાતનાં જરૂરી નિગમોની રચના, પંચવર્ષીય યોજનાઓ, રાષ્ટ્રીય ઘોરીમાર્ગોનું આયોજન, અમદાવાદ થી વાપી સુધી ઉધોગોની વસાહતો માટેનું આયોજન, ઉધોગપતિઓને પ્રોત્સાહન, ઈન્ડીયન ઈન્ટીટયુટ ઓફ મેનેજમેન્ટની સ્થાપના, આણંદની અમુલ ડેરીની સ્થાપના, આયુર્વેદ અને હોસ્પિટલોના વિકાસ માટેનું આયોજન અને હોસ્પિટલોની સ્થાપના, પૂ. ગાંધીબાપુએ ચીંધેલ માર્ગ ખાદી, ગ્રામોધોગ, અસ્પૃશ્યતા નિવારણ અને નશાબંધી જેવી રચનાત્મક પ્રવૃત્તિઓ માટે વૈધાનિક મંડળો કે નિગમોની રચના, એશિયાભરમાં નમૂનેદાર ગણ્યા. એવી અમદાવાદની સિવિલ હોસ્પિટલની રચના જેવા અનેક કાર્યોનો યશ ડો. જીવરાજભાઈ મહેતાને જાય છે.

ગૌવધનો કાયદો લાવીને તેઓએ ગૌવધ પ્રતિબંધ ફરમાવ્યો હતો. ગુજરાતનાં શિખર ઉપર બેસીને ધુમ ધડાકા કર્યા વિના પાયાના પથ્થર બનીને તેમણે હિંમતથી અને કુનેહપૂર્વક ઉપકારક કહી શકાય એવા કાર્યો અને આયોજનો કરીને ગુજરાતનું એક મજબુત ફાઉન્ડેશન બનાવ્યું હતું અને તેના ફળ આજે ગુજરાતની જનતા ખાઈ રહી છે. માત્ર ગુજરાત નહી પણ તેમની જન્મભૂમિ અમરેલીને પણ ડો.જીવરાજ મહેતા દ્વારા અનેક કાર્યોની ભેટ મળી છે. અમરેલી સિવિલ હોસ્પિટલ, આર્ટસ, સાઈસ, કોમર્સ કોલેજ વિધાસભા, અમરેલીની હાઈસ્કુલો, આયુર્વેદ હોસ્પિટલ, અમરેલીની અનેક સંસ્થાઓ, અમરેલીને જિલ્લાનો દરજજો, બાલભવન, એસ. ટી. ની વ્યવસ્થા, અમરેલી જિલ્લાનો સહુથી મોટો ડેમ ખોડીયાર ડેમ સહિત અનેક ભેટો અમરેલીને મળી છે જેને અમરેલીની જનતા આજે પણ વાગોળ છે. આવા અમરેલીના પનોતા પુત્ર ડો. જીવરાજ મહેતાનું ઋણ અમરેલી કયારેય નહી ચૂકવી શકે.

આજે તેમના ૧૩૬ માં જન્મદિવસ નિમિત્તે તેમના કાર્યોને યાદ કરવા બાલભવન–અમરેલીમાં આવેલા તેમના સ્ટેચ્યુને નમન અને ફૂલહાર કરવાનો એક કાર્યક્રમ વિવિધ સંસ્થાઓ અને બાલભવન દ્વારા યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટ, બાલભવનનાં ડેપ્યુટી ડાયરેકટર દિનેશભાઈ ત્રિવેદી, પટેલ વિધાર્થી આશ્રમનાં મંત્રી નારણભાઈ ડોબરીયા, લોકસાહિત્ય સેતુનાં પ્રમુખ મહેન્દ્રભાઈ જોષી દ્વારા ડો. જીવરાજ મહેતાનાં અવિસ્મરણીય કાર્યોને યાદ કરીને તેઓને શ્રધ્ધાસુમન અર્પિત કરીને સ્મરણાંજલિ અર્પિત કરી હતી. આ તકે મકાદાદા, નટુભાઈ ભટ્ટ, બાલભવનનાં સર્વ સોમિત્ર ભટ્ટ, માર્કન્ડભાઈ, સંગીતાબેન સહિતનાં આગેવાનો, બાળકો ઉપસ્થિત રહ્યાં હતા. સંસ્થાનાં મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા, ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા અને ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટનાં પ્રમુખ ડો. મહેશભાઈ મહેતા દ્વારા વિડીયો કોલિંગ દ્વારા ડો. જીવરાજ મહેતાને સ્મરણાંજલિ આપીને તેઓના કાર્યોને યાદ કર્યા હતા.

**વહીવટ કર્યો ન્યારો,**
**કર્મની ગીતા ગાનારો,**
**જીવી ગયો જીવરાજ**

વિધાર્થીઓનાં ત્રિમાસિક પરીક્ષાનું પરિણામ આપવામાં ઠાગાઠૈયા

# ઉનાની એ.આર. ભટ્ટ સંચાલિત આનંદ ગુજરાતી પ્રાથમિક શાળાનાં સંચાલકોની જોહુકમી

## વાલીઓ પાસે વિધાર્થીઓની ફી ની પઠાણી ઉઘરાણી કરી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૩૦

ઉનામાં ફરી એક વખત શાળાની મનમાની સામે આવી છે. ત્યારે ઉનાના વેરાવળ રોડ પર આવેલ એ. આર. ભટ્ટ સંચાલિત આનંદ શાળામાં સંચાલકો દ્વારા ગત તારીખ ૨૩–૮–૦૦૨૩ ના રોજ ધો. ૧ થી ૩ ના વિધાર્થીઓનું રીઝલ્ટ હોવાની વાલીઓને જાણ કરવામાં આવતા ધોરણ ૧ થી ૩ માં અભ્યાસ કરતા વિધાર્થીઓના વાલીઓ ત્રિમાસિક પરીક્ષાનું રિઝલ્ટ લેવા શાળાએ આવેલ હોય ત્યારે શાળાના આચાર્ય અને સંચાલકો દ્વારા શિક્ષકોને જણાવેલ હોય કે જે વિધાર્થીઓની ફી બાકી હોય તેમને ઓફિસમાં મોકલવા.

જેથી વિધાર્થીઓના વાલીઓ ઓફિસમાં ગયેલ હોય ત્યારે શાળાના આચાર્ય દ્વારા પઠાણી ઉઘરાણી કરી જણાવ્યું હતું કે તમારા બાળકોની ફી ભરો તો જ તમને રીઝલ્ટ આપીશું ત્યારે વિધાર્થીઓના વાલીઓએ જણાવેલ હોય કે થોડા દિવસો બાદ આપની શાળાની ફી ભરી દઈશું. ત્યારે શાળાના સ્ટાફ દ્વારા વિધાર્થીઓના વાલીઓને ફરજિયાત ફી ભરવા માટે માનસિક ત્રાસ આપી પઠાણી ઉઘરાણી કરવાની ઘટનાને લઈ વાલીઓમાં ભારે રોષ જોવા મળતા આ શાળાના સંચાલકો તેમજ આચાર્ય સહિતનાઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે ઉરચકક્ષાએ રજૂઆત કરવામાં આવી હતી.

## આ શાળાની મનમાની કયારે બંધ થશે?

ઉના, તા. ૩૦

આ શાળાની મનમાની કયારે બંધ થશે ?

શું શાળાઓ નફા કમાવવાનું સાધન બની છે ?

આ સ્કૂલ સંચાલકની મનમાની સામે એકશન કયારે ?

આ એ આર ભટ્ટ સંચાલિત આનંદ ગુજરાતી શાળા સામે કાર્યવાહી કયારે ?

આ શિક્ષણનું ધામ નફાનો ધંધો કેમ કરે છે ?

# અમરેલીમાં શકિતગૃપ દ્વારા ગરીબ બાળકોને ચપ્પલ વિતરણ



અમરેલી, તા. ૩૦


અમરેલીની સેવાકીય સંસ્થા શકિતગૃપ દ્વારા ગરીબ પરિવારનાં બાળકોને ચપ્પલ વિતરણ કરવામાં આવ્યાં હતા.

આ સેવાકાર્યમાં અશોક વાળા, જીજ્ઞેશ દાફડા સહિતનાં સેવાભાવી યુવાનો જોડાયા હતા.

સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિમાં

# વડિયા ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલય દ્વારા રક્ષાબંધનની ઉજવણી

## બીલખા સેવા કેન્દ્રનાં ઈન્ચાર્જે રક્ષાબંધનનું મહત્વ સમજાવ્યું



વડિયા, તા. ૩૦

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય વડીયા દ્વારા અલૌકિક રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બીલખા સેવા કેન્દ્રના ઈન્ચાર્જ રશ્મિબેન દ્વારા રક્ષાબંધનનું આધ્યાત્મિક રહસ્ય સમજાવામાં આવ્યું હતું.

આ તહેવારને વિષ ત્રોડા પર્વ કહેવાય છે માટે સાચા અર્થમાં રક્ષાબંધન એટલે કે આપણે એવા બંધનમાં બંધાવું જોઈએ કે જે બંધનથી આપણી આત્માની વ્યસનો વિકારો જેવી બુરાઈઓથી રક્ષા થાય અને આપણું જીવન પવિત્ર શુદ્ધ બની જાય દરેક આત્મા પ્રત્યે ભાઈચારાની ભાવના જાગ્રત થાય. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બહેનો અને ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્માકુમારી મંજુબેન દ્વારા રક્ષા સૂત્ર બાંધવામાં આવ્યું અને સાથે સાથે મોં મીઠું કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારી લાજુબેન પણ ઉપસ્થિત રહ્યા હતા અને બ્રહ્મા ભોજન પણ કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડિયા લેઉવા પટેલ સમાજનાં પ્રમુખ કેશુભાઈ ઉંધાડ, ગીરીશભાઈ ગજેરા, રાજુભાઈ સહિતનાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ચમારડી ગામે શ્રી રામજી મંદિરે શ્રીમદ્ ભાગવત માસ પારાયણનો દિવ્ય પ્રારંભ



બાબરા, તા. ૩૦

બાબરા તાલુકાનાં ચમારડી ગામે લેરાનાથ ચોકમાં આવેલ શ્રી રામજી મંદિરમાં પુજારી ગુલાબદાસ બાપુના શુદ્ધ સંકલ્પ સાથે પવિત્ર શ્રાવણ માસમાં શ્રીમદ્ ભાગવત માસ પારાયણનો મંગળ પ્રારંભ કરવામાં આવ્યો છે. શ્રીમદ્ ભાગવત સપ્તાહ માસ પરાયણનાં વ્યાસપીઠ પર ચમારડી ગામના યુવાન વિદ્વાન ભુદેવ શાસ્ત્રી વિપુલભાઈ જોષી બિરાજી સુમધુર સ્વરમાં સંગીતમયશૈલી કથાનું રસપાન કરાવી રહ્યાં છે. એક મહિના સુધી દરરોજ રાત્રીનાં ૯ થી ૧૧ અહીં રામજી મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું ગુણગાન ગાવામાં આવી રહ્યું છે. જેનો લાભ મોટી સંખ્યામાં ગામના લોકો મેળવી ધન્યતા અનુભવી રહ્યા છે.

કથા દરમિયાન ચમારડી ગામના લોકો દ્વારા વકતા વિપુલભાઈ જોષી તેમજ પુજારી ગુલાબદાસ બાપુનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ કથામાં વિવિધ પ્રસંગો અને જન્મોત્સવની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે.

સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન પ્રભુઅદા દ્વારા કરવામાં આવી રહ્યું છે અને કથાના સફળ આયોજનમાં મંદિરનાં સ્થાનિક સેવકો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# વીજપડી ખાતે ઓલ ઈન્ડિયા પયામેં ઈન્સાનિયત ગૃપ દ્વારા બીજો રકતદાન કેમ્પ યોજાયો



વીજપડી, તા. ૩૦

વીજપડી મુકામે પયામે ઈન્સાનિયત ગૃપ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં વીજપડી તથા આસપાસનાં ગ્રામજનોએ રકતદાન કરીને માનવતાનું ઉદાહરણ આપેલ.

આ કેમ્પમાં ખાસ ઉપસ્થિત મહેમાન એવા ભકિતરામ બાપુ(માનવ મંદિર આશ્રમનાં સંચાલક સાવરકુંડલા) જેમણે હાજરી આપી અને માનવતા તથા સેવાભાવી કામોનાં મંતવ્ય સાથે આ કેમ્પની શરૂઆત કરેલ.

જેમાં વીજપડી ગામના હોસ્પિટલોનાં ડોકટરો ગ્રામ પંચાયતનાં સભ્યો તથા વીજપડી વેપારી એસોસિએશન અને વીજપડી ગામનાં વડીલો તથા આસપાસના ગ્રામજનોનાં વડીલો અને યુવાનો રકતદાન આપી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો ગામના વડીલો તથા વીજપડી ગામના ડોકટર સ્ટાફને પયામેં ઈન્સાનિયત ગૃપ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. જેમાં પયામે ઈન્સાનિયત ગૃપનાં જિમ્મેદાર વ્યકિત એવા મૌલાના મુઝંમીલ પાલનપુરી તથા ભકિતરામ બાપુએ જાતિવાદના ભેદભાવ છોડી અને માનવતા વિશે ઈન્સાનિયત રૂપે એકબીજાને મદદરૂપ થવાની અપીલ અને ચર્ચા કરી. કાર્યક્રમ પૂરો થયા બાદ પયામે ઈન્સાનિયત ગૃપ દ્વારા ઉપસ્થિત રકતદાતાઓ તથા ઉપસ્થિત વડીલો અને મહેમાનોનો સાથ સહકારનો આભાર વ્યકત કર્યો હતો.

# જાફરાબાદ ખાતે જિલ્લાફેર તલાટી કમ મંત્રીની બદલી થતાં કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો



જાફરાબાદ, તા. ૩૦

જાફરાબાદ તાલુકા પંચાયત કચેરી ખાતે ટી.ડી.ઓ. સોનગરા તથા તાલુકાનાં પ્રમુખ પ્રતિનિધિ નાજભાઈ તથા ભીમભાઈ વરૂ તથા કરશનભાઈ તથા તાલુકા યુવા ભાજપના કુલદીપભાઈ તથા લુણસાપુર ગામના ભોજભાઈ તથા નાગેશ્રી લોર, સાકરીયા, માણસા, ટીંબી, ભાડા વગેરે ગામડાઓમાંથી પધારેલા સરપંચો તથા તાલુકા પંચાયતના સભ્યો તથા દરેક ગામમાથી પધારેલા દરેક સમાજના આગેવાનોની હાજરીમાં શ્રીફળ શાકરનો પડો અને શાલ ઓઢાડીને ભવ્ય વિદાઈ આપી હતી.

દરેક ગામના સરપંચએ તલાટી કમ મંત્રીઓની તેમના ગામમાં કરેલ કામગીરી અંગે પ્રતિભાવ આપ્યા હતા તેમજ દરેક તલાટી મંત્રીઓએ જાફરાબાદનાં ગામડાઓમાં કરેલ નોકરીનાં પ્રતિભાવ આપ્યાં હતાં.

# સા.કુંડલાનાં છેવાડાનાં વિસ્તારોમાં રહેતી દિકરીઓએ રક્ષાબંધન પર્વની ઉજવણી કરી






સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર છેવાડાનાં વિસ્તારોમાં ગરીબ અને શ્રમજીવી પરિવારનાં બાળકોને છેલ્લા થોડા સમયથી સાવરકુંડલા શહેરનાં સેવાભાવી અને સફળ ઉદ્‌ઘોષક ધારાબેન ગોહિલ દ્વારા પ્રતિદિન બે કલાક નિઃશુલ્ક શિક્ષણ પ્રદાન કરવાનાં અભિયાન સંદર્ભે આજરોજ રક્ષાબંધનનાં પવિત્ર પર્વ નિમિત્તે આ વિસ્તારની દીકરીઓએ પોતાની જાતે રાખડી બનાવી હતી અને એ રાખડી કુંડલા પોલીસ સ્ટેશન કે.કે. હોસ્પિટલનાં કર્મચારીઓને હોંશે હોંશે બાંધી રક્ષાબંધનનાં પર્વની ઉજવણી કરવામાં આવી. આ રક્ષાબંધન પર્વ નિમિત્તે આ દિકરીઓ સાથે ધારાબેન ગોહિલ તથા માધવીબેન હરિયાણી પણ સાથે રહ્યાં હતા.

### જિલ્લા ભાજપ પ્રમુખનાં નેતૃત્વમાં

## અમરેલી જિલ્લા ભાજપ પરિવારે ઓબીસીને ૨૦ ટકા અનામતને આવકાર્યું

### મોટી સંખ્યામાં ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં




અમરેલી, તા. ૩૦

ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ભાજપ સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ઓ.બી.સી.(બક્ષીપંચ) સમાજને બેઠકો માટે તથા પ્રમુખ/મેયર/સરપંચ માટે ૨૭ ટકા અનામત જાહેર કરી ઐતહાસિક નિર્ણય કરતાં અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ફટાકડા ફોડી અને મોઢા મીઠા કરી ઉજવણી કરવામાં આવી હતી. સુપ્રિમકોર્ટનાં નિર્દેશ અનુસાર અને જવેરી કમિશનની ભલામણ પ્રમાણે સમાજનાં દરેક વર્ગને મુખ્યધારામાં જોડી અને રાજયનાં વિકાસ માટે અન્ય પછાત વર્ગ(ઓ.બી.સી.)ને ૨૭ ટકા અનામતનો સ્વીકાર ભુપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વ વાળી સરકારે કર્યો હતો. જે કુલ ૫૦ ટકાની મર્યાદામાં આવે છે.

આ નિર્ણયને વધાવવા જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, કૌશિકભાઈ વેકરીયા, નારણભાઈ કાછડીયા, મનીષભાઈ સંઘાણી, પીઠાભાઈ નકુમ, ભુપેન્દ્રભાઈ બસીયા, રાજુભાઈ ભુતેયા, ભુપતભાઈ વાળા, મેહુલભાઈ ધોરાજીયા, જયેશભાઈ ટાંક જલ્પેશભાઈ મોવલીયા, અરવિંદભાઈ ચાવડા, ભરતભાઈ મકવાણા, સનીભાઈ ડાબસરા, પુનાભાઈ ગજેરા, અલ્કાબેન ગોંડલીયા, સુરેશભાઈ શેખવા, હરેશભાઈ ચાવડા, ધીરૂભાઈ વાળા, પ્રવીણભાઈ માંગરોળ ીયા, ભીખાભાઈ ધોરાજીયા, અશ્વિનભાઈ કુંજડીયા, ધીરૂભાઈ માયાની, ખોડભાઈ ભુવા, વિપુલભાઈ રાંક, ચંદુભાઈ રામાણી, વનરાજભાઈ કોઠીવાળ, ઈન્ચા. તા.પં. પ્રમુખ નરેશભાઈ મહેતા, દીલાભાઈ વાળા, પી.વી. વસાણી રમેશભાઈ સાકરિયા, ઈશ્વરભાઈ રાજયગુરૂ, સંદીપભાઈ સોલંકી, ભાવેશભાઈ સોઢા, રાજુભાઈ માંગરોળીયા, હરેશભાઈ કાબરીયા વગેરે હાજર રહ્યાં હતા.

### શ્રી સોમનાથ મંદિરેથી પોથીયાત્રાનો પ્રારંભ

## હરિ-હરની પાવન ભૂમિમાં શ્રી શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ




અમરેલી, તા. ૩૦

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજીત પ્રથમ જયોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવનાં સાનિધ્યમાં પવિત્ર શ્રાવણ માસમાં શ્રાવણ સુદ નોમનાં દિવસથી સોમનાથમાં શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ થયો છે. કથનાં વકતા પૂજય શાસ્ત્રી શ્રી ડો. કૃણાલભાઈ જોષીનાં શ્રીમુખેથી તા. ૨૫ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન સોમનાથ ખાતે થનાર છે.

પ્રભાસ હરિહરની પાવન ભૂમિ છે, જયાંથી ભગવાન શ્રી કૃષ્ણએ વૈકુઠનું મહાપ્રયાણ કરેલ, સાથે જ પૃથ્વી પર ભગવાન શિવનું પ્રથમ અવતરણ આ ભૂમિમાં થયું હોવાથી હરિ-હર ક્ષેત્રથી પણ આ પ્રભાસ ક્ષેત્ર સુપ્રસિધ્ધ છે. આ કથાની પોથીયાત્રા શ્રી સોમનાથ મંદિરથી ઢોલ-શરણાઈનાં સાથે નીકળેલી હતી. આ પોથીયાત્રા, વકતા પૂજય શાસ્ત્રી ડો. કૃણાલભાઈ જોષી, ભકતો, શ્રી સોમનાથ ટ્રસ્ટનાં જનરલ મેનેજર, અધિકારી-કર્મચારીઓ અને સંસ્કૃત પાઠશાળાનાં ઋષિકુમારો જોડાયા હતા.

કથાનાં પ્રારંભે પોથી પૂજન બાદ શિવમહાપુરાણ કથાની વિધિવત શરૂઆત કરવામાં આવેલ હતી, સોમનાથનો મહિમા જણાવતા પૂજય શાસ્ત્રીજીએ જણાવેલ કે, શ્રી સોમનાથ મહાદેવનાં દર્શન થઈ જાય, આપણે ખૂબ સદ્‌ભાગી છીએ. ચંદ્રમા એ મનનો કારક છે અને મહાદેવજી એ સોમનાથ છે. સોમ એટલે ચંદ્ર અને ચંદ્રનાં નાથ એટલે સોમનાથ જે પ્રભાસક્ષેત્રમાં આવે અને સોમનાથનાં દર્શન કરે અને માનસિક શાંતિ મળે છે. એવું આપણાં પુરાણોમાં અને વેદોમાં પણ કહ્યું છે. સોમનાથ મહાદેવ પાસે માગવું હોય તો ભકિત માગવી. કથા શ્રવણનો લાભ લેવા સૌ ધર્મપ્રેમી જનતાને શ્રી સોમનાથ ટ્રસ્ટનું નિમંત્રણ છે.

## અમરેલીમાં લોક જાગૃતિ ફાઉન્ડેશનની બહેનો દ્વારા પોલીસ અધિકારીને રક્ષાબંધન




અમરેલી, તા. ૩૦

રક્ષાબંધન પર્વ પર આપણી સુરક્ષા કરતા તમામ પોલીસ જવાનોને રાખડીરૂપી રક્ષાકવચ બાંધી નારી જાગૃતિ લોક કલ્યાણ ફાઉન્ડેશનની બહેનો દ્વારા અમરેલી જિલ્લા પોલીસ વડાની કચેરી તેમજ પોલીસ હેડકવાર્ટર ખાતે પોલીસ જવાનો તેમજ અધિકારીને રાખડી બાંધવામાં આવી હતી. બહેનો દ્વારા પોલીસ જવાનોને જિલ્લાની સુરક્ષા કરવા બળ મળે અને કુદરતી પ્રેરકબળ મળી રહે એવા આશીર્વાદ સાથે ભવ્ય રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો હતો. તમામ અધિકારીઓ દ્વારા સાથ સહકાર મળ્યો હતો. રક્ષાબંધન પર્વ પર પોલીસ હેડકવાર્ટર પર તાલીમ મેળવતા તમામ પોલીસ ભાઈઓને આ વખતે રક્ષાબંધનની રજા પણ ન હોય ત્યારે પરિવારથી દૂર હોય એ સમયે નારી જાગૃતિ લોક કલ્યાણ ફાઉન્ડેશનની બહેનો દ્વારા જાણે રક્ષાબંધન તહેવાર જ પોતાના પરિવાર સાથે ઉજવ્યો હોય તેવો અનુભવ પોલીસ જવાનોમાં જોવા મળ્યો હતો. ખરેખર દેશની હરહંમેશ રક્ષા કરતા આ જવાનો જાગે છે સતત પોલીસ પેટ્રોલિંગથી ગુન્હાહિત કૃત્યો પર લગામ લાગે છે ત્યારે નગરજનો શાંતિથી રહી શકે છે. એ માટે આ પોલીસ જવાનોને રક્ષા બાંધી રક્ષાકવચરૂપી કવચ મળ્યું અને ભાઈબહેન જેવો પ્રેમનો માહોલ જોવા મળ્યો હતો.

## સા.કુંડલા ખાતે રાષ્ટ્રીય રમત-ગમત દિવસની ઉજવણી




સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા શહેરમાં આવેલ શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલાનાં એન.એસ.એસ વિભાગ દ્વારા હોકીના દિગ્ગજ રમતવીર મેજર ધ્યાનચંદનો જન્મદિન કે જે દિવસને 'રાષ્ટ્રીય ખેલ દિવસ' તરીકે ઉજવવા અંગે ઉચ્ચ શિક્ષણ કમિશનર અને રાજયના એન.એસ.એસ વિભાગ દ્વારા આદેશ થતાં કોલેજના કાર્યકારી આચાર્ય ડી.એલ.ચાવડા, સમગ્ર સ્ટાફગણ વિદ્યાર્થીની બહેનો સૌએ સાથે મળી વિવિધ રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ક્રિકેટ ખો-ખો, ટેબલ-ટેનિસ, બેડમિન્ટન જેવી રમતો રમાડવામાં આવી. આ અંગેની પૂર્વ તૈયારીઓ પ્રોગ્રામ ઓફિસર ડો. હરિતા જોશી અને ડો. કે.પી.વાળા દ્વારા કરવામાં આવેલી હતી.

### સતત પાંચમી વખત નિમણુંક કરવામાં આવી

## જાફરાબાદ તાલુકા ગ્રાહક સુરક્ષા મંડળનાં પ્રમુખ તરીકે બાલકૃષ્ણ સોલંકીની વરણી કરાઈ

### તમામ સમાજ તથા તાલુકામાં આનંદની લાગણી



જાફરાબાદ, તા. ૩૦

જાફરાબાદ તાલુકામાં ગ્રાહક સુરક્ષા સેવા કેન્દ્ર શરૂ કરવા માટે ગ્રાહક સુરક્ષા મંડળ, સાવરકુંડલાને સમગ્ર અમરેલી જિલ્લાની હકુમત છે. જયારે જાફરાબાદ તાલુકામાં ગ્રાહક સુરક્ષા મંડળનાં હોય જેથી ગ્રાહકોને અનેક બાબતોનો અન્યાય થતો હોય ત્યારે લોકોએ જિલ્લા મંથક સુધી જવું પડે છે. જો ગ્રાહક સુરક્ષાને લગતી કાર્યવાહી કરી શકાય તે માટે ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલાએ જાફરાબાદના યુવા અને ઉત્સાહીત એડવોકેટ બાલકૃષ્ણ રામજીભાઈ સોલંકીની જાફરાબાદ તાલુકા ગ્રાહક સુરક્ષા મંડળનાં પ્રમુખ તરીકે નિમણુંક સને.૨૦૧૪માં પ્રથમ કરવામાં આવેલ, જેમાં સ્થાનિક તાલુકામાં રહેલા ગ્રાહકોના પ્રશ્ન હલ કરવા લોકોને મદદરૂપ થઈ શકે જેનાં ભાગરૂપે જાફરાબાદ ગ્રાહક સુરક્ષા એ તાલુકાના વેપારીઓનાં પ્રશ્ન, માચ્છિમારી દરમિયાન ગુજરી ગયેલ માચ્છિમારોનાં પરિવારને સહાય, તાલુકામાં કે શહેરમાં અકસ્માતે મૃત્યુ પામેલી વ્યકિતના પરિવારને સહાય, તો જાફરાબાદ શહેરનાં પુલ, આધાર કાર્ડ, માતા શિકોતરના મંદિર, એસ.ટી.બસ સ્ટેશન, યુવાનો માટે રમત-ગમતનું મેદાન તેમજ હિન્દુ સ્મશાન માટે રોડ, રસ્તાની સુવિધા માટો, વિધવા બહેનોને સહકાર, જેવી અનેક પ્રશ્નોને વાંચા આપી જે પ્રસંશિનય કામગીરી બદલ પાંચમીવાર ઈ.સ.૨૦૨૬ સુધી જાફરાબાદ ખારવા સમાજનાં પ્રથમ એડવોકેટ અને અન્ય ઘણી સંસ્થાઓથી જોડાયેલ, અભ્યાસ અર્થે ઘણી ડિગ્રીઓ ધરાવનાર એડવોકેટ બાલકૃષ્ણ સોલંકીની સાવરકુંડલા ગ્રાહક સુરક્ષાનાં પ્રમુખ રમેશભાઈ હિરાણી (એડવોકેટ) એ નિમણુંક કરી અભિનંદન સાથે શુભેચ્છા પાઠવેલ.

### રાજયનાં શિક્ષણમંત્રી કુબેરભાઈ ડિંડોર દ્વારા

## સાવરકુંડલાનાં શિક્ષિકાબેન શિલાબેન દેસાઈનું શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મળતા સન્માન

### વાત્સલ્ય ફાઉન્ડેશન દ્વારા કાર્યક્રમ યોજાયો





સાવરકુંડલા. તા. ૩૦

વાત્સલ્ય ફાઉન્ડેશન મહેસાણા દ્વારા ટાઉનહોલ ખાતે ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે બાળકો માટે શ્રેષ્ઠ કાર્ય કરતા શિક્ષકોને સન્માનવા માટે ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી ૧૪૧ શિક્ષકોને સન્માનવામાં આવ્યા હતા.

તેમાંથી ૧૦ શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. તેમાં સમગ્ર ગુજરાતમાંથી સૌથી પ્રથમ ક્રમે અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના નંબર પે-સેન્ટર શાળા નંબર ૧ સાવરકુંડલાના શિક્ષિકાબેન દેસાઈ શિલ્પાબેનને શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરના વરદ હસ્તે શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ ૨૦૨૩ તેમજ સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

બેન બાવીસ વર્ષથી શિક્ષણના પવિત્ર કાર્ય સાથે જોડાયેલા છે. વિવિધ કાર્યક્રમો દ્વારા માત્ર શાળ ાના બાળકો જ નહીં પરંતુ સાવરકુંડલા તાલુકો, અમરેલી જીલ્લો અને ગુજરાત ભરના બાળકોના બાળકોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. શિક્ષણમાં નવતર પ્રયોગો કરી બાળ કોની સુષુપ્ત શક્તિઓ ખીલવવા માટે અવિરત પ્રયાસ કરી રહ્યા છે. રાજય કક્ષાએ બે વખત રિસર્ચ પેપર તેમજ IIM અમદાવાદ આયોજિત ઓનલાઈન ટીચર્સ ટ્રેનિંગમાં તેમના નવતર પ્રયોગ કેસ સ્ટડી તરીકે લેવાયેલ.ગુજરાત ભરના લાખો શિક્ષકોએ તેનો અભ્યાસ કરી પોતાના વર્ગખંડ સુધી પહોંચાડયો હતો.નવતર પ્રયોગો,સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધ પ્રવૃત્તિઓ,ગખખજ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં તેમના માર્ગદર્શન હેઠળ છ વિદ્યાર્થીઓનો મેરીટમાં સમાવેશ, વિવિધ કાર્યક્રમોનું સંચાલન, વિવિધ સામયિકોમાં લેખન, વિવિધ શિબિરોનું આયોજન, કલા મહાકુંભ, કલા મહોત્સવમાં માર્ગદર્શન, એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત પ્રવૃત્તિઓ, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઓનલાઈન વેબીનાર, વિવિધ પરીક્ષાઓનું આયોજન તેમજ માર્ગદર્શન, લાયન્સ કવેસ્ટની પ્રવૃત્તિઓ તેમજ તેમના સામાજિક યોગદાનને કારણે તેમની પ્રથમ ક્રમે પસંદગી થતા તેમણે સમગ્ર અમરેલી જિલ્લાનું ગૌરવ વધારેલ છે. તેમના પર સતત અભિનંદનની વર્ષા થઈ રહી છે. આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોર, મહેસાણાના સંસદ સભ્ય,ડીડીઓ જિલ્લા શિક્ષણ અધિકારી,જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો તેમજ માધ્યમિક શિક્ષણ સંઘના હોદ્દેદારો તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અનેકવિધ એવોર્ડ વિજેતા શિલ્પાબેન દેસાઈને શિક્ષણમંત્રી કુબેરભાઈ અભિનંદન આપી ભવિષ્યમાં ઉતરોતર પ્રગતિ કરતા રહો તેવી શુભકામના પાઠવી હતી.

# અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસે ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારને રાખડી બાંધી તેમની સુરક્ષા માટે મંગલકામના કરી



માત્ર ગુજરાત રાજયમાં જ નહીં, પરંતુ સમગ્ર દેશભરમાં અકસ્માતના કારણે અનેક લોકોના મોત થાય છે. તેમ છતાં ટ્રાફિકના નિયમોની અવગણના કરી લોકો દ્વારા ટ્રાફિકના નિયમોનો ભંગ કરવામાં આવે છે. પરિણામે ગંભીર અને પ્રાણઘાતક વાહન અકસ્માતો બનવા પામે છે. ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમારે વાહન અકસ્માતો ઉપર અંકુશ મેળવવા અને ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી માટે રેન્જ હેઠળના જિલ્લાઓમાં ટ્રાફિક અંગે અસરકારક કામગીરી કરવા સુચના આપેલ હોય. અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા અસરકારક કામગીરી કરવા માર્ગદર્શન આપવામાં આવેલ હોય અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા રક્ષા બંધનના તહેવાર નિમિત્તે લોકોમાં ટ્રાફિક અંગે જાગૃતિ આવે અને લોકો ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે માટે સ્પેશ્યલ ડ્રાઈવ રાખવામાં આવેલ હતી. આ ડ્રાઈવ દરમ્યાન હેલમેટ અને સીટબેલ્ટ વગર વાહન ચલાવી રહેલા તથા ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા મળી આવેલ વાહન ચાલકોને મહિલા પોલીસ તથા ટી.આર.બી, બહેનો દ્વારા રાખડી બાંધી, તેમની સુરક્ષાની મંગલ કામના કરી, હવેથી ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરશે તેવું વચન લેવામાં આવેલ હતું. અને જે વાહન ચાલકોએ હેલમેટ અને સીટબેલ્ટ પહેરેલ તેમને પણ રાખડી બાંધી, તેમની ટ્રાફિક અવેરનેસને બિરદાવવામાં આવેલ અને વાહન ચાલકોને ટ્રાફિક જાગૃતિ અંગેની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવેલ. આમ, અમરેલી જિલ્લા ટ્રાફિક શાખાના પોલીસ સબ ઈન્સ. વી.વી. ગોહિલ, જિલ્લા ટ્રાફિક શાખાના પોલીસ સ્ટાફ, મહિલા પોલીસ તથા ટી.આર.બી. બહેનો દ્વારા અમરેલી જિલ્લામાં ગંભીર અને પ્રાણઘાતક વાહન અકસ્માતના બનાવો અટકાવવા, મૃત્યુ દર અને ગંભીર ઈજાનું પ્રમાણ ઘટાડવા તેમજ ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી કરાવવા ટ્રાફિક અંગે જાગૃતિ માટે નવતર પ્રયોગ હાથ ધરી રક્ષાબંધનની ઉજવણી કરી, અસરકારક કાર્યવાહી કરવામાં આવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું જ્ઞાન સહાયક પદ પર

ઊમેદવારો તથા આમ આદમી પાર્ટી આ યોજનાનો સખત વિરોધ કરી આમઆદમી પાર્ટી અમરેલી જિલ્લા દ્વારા અનોખી રજૂઆત કરવામાં આવી વિપ્રયાની દેવી માં સરસ્વતીના ચરણોમાં પ્રાથના પત્ર અર્પણ કરી પ્રાથના કરી.

ગુજરાત સરકારે શિક્ષણની ઘોર ખોદી છે. સરકારી શિક્ષણ વ્યવસ્થા સુધારવાને બદલે સરકાર પોતે સરકારી શિક્ષણ વ્યવસ્થા ખતમ કરવાના ઈરાદે કામ કરી કહી છે. તાજેતરમાં સરકારી શાળામાં શિક્ષકોની ભરતી માટે ૧૧ મહીનાના કોન્ટ્રેક્ટ પર જ્ઞાન સહાયક જેવા પદ પર હંગામી ધોરણે શિક્ષકોની ભરતી કરવા જઈ રહી છે. ગુજરાતના નાગરીકો, નોકરીલાયક TET-TAT પાસ કેરલા ઊમેદવારો તથા આમ આદમી પાર્ટી આ યોજનાનો સખત વિરોધ કરી અને અનેક રજુઆતો કરી ચુકી છે. આમ છતાં, સરકાર પોતાનો નિર્ણય બદલવા તૈયાર નથી તેથી આમ આદમી પાર્ટી અમરેલી જિલ્લા દ્વારા અનોખી રજૂઆત કરવામાં આવી ‘વિધ્યાની દેવી માં સરસ્વતીના ચરણોમાં પ્રાથના પત્ર અર્પણ કરી પ્રાથના કરી શિક્ષણનું સ્તર બગાડતી જ્ઞાન સહાયક યોજના બંધ રાખવાની સદબુદ્ધિ સરકારને આપવા પરમકૃપાળુ પરમાત્માના ચરણોમાં પ્રાર્થનાપત્ર અપર્ણ કર્યો હતો.

પત્રમાં જણાવ્યું હતું કે, હે પરમકૃપાળુ પરમાત્મા, આપ તો સર્વ શક્તિમાન છો, આપ બધુ જ જાણો છો ત્યારે વિદ્યાનું મહવ આપથી વધારે તો કોણ સમજી શકે ? ગુજરાત અનેદેશમાં શાસન કરી રહેલી વર્તમાન સરકારે શિક્ષણના સ્તરને સાવ ખરાબ કરી નાખ્યું છે તેથી અમે–તારા સંતાનો થાકીને તારા ચરણે આવ્યા છીએ.

આમ તો સરકાર સતત શિક્ષણ–વિરોધી નિર્ણયો લઈ રહી છે. એમાંય તાજેતરમાં આ સરકાર જ્ઞાન–સહાયક યોજના લઈને આવી છે જેમાં સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓ માટે સરકાર કરાર આધારિત શિક્ષકોની ભરતી કરશે. તમે તો જાણો છો કે શિક્ષણ એ સતત ચાલતી ઋષિકર્મ સમાન પ્રક્રિયા છે, તો એમાં આવી હંગામી ભરતીઓ કેમ ? આપના સંતાન એવા યુવાન સારસ્વતો (શિક્ષકો)એ શિક્ષક બનવા માટે બહુ મહેનત કરી છે,સરકારે નક્કી કરેલી તમામ કસોટીઓમાંથી (TAT-TET) પાર ઉતર્યા છે. એ પછી પણ આ શિક્ષકોને અન્યાય કેમ ? આ શિક્ષકોનું ભવિષ્ય આજે અંધકારમય દેખાઈ રહ્યું છે.

આવી હંગામી યોજનાઓથી કરાર આધારિત શિક્ષક પોતાની રોજગારી અને ભવિષ્યને લઈને સતત ચિંતિત અને અસુરક્ષિત જ રહે એ સ્વાભાવિક છે. આની સીધી અસર વર્ગખંડમાં બાળકોના શિક્ષણ ઉપર પડયા વિના રહે જ નહીં. વળી, આવી અનિશ્ચિતતા હોય ત્યાં કોઈ પ્રતિભા શાળી યુવાન શિક્ષક બનવા તૈયાર થાય નહીં. એટલે લાંબા ગાળે સમાજમાં પ્રતિભાશાળી શિક્ષકોની ખૂબ મોટી અછત પડે, પ્રતિભાશાળી શિક્ષકોને અભાવે રાજય/દેશનું ભવિષ્ય યોગ્ય રીતે ગણાય નહીં. આથી આ યોજના શિક્ષણનું અહિત કરનારી અને ગુજરાતના ભવિષ્યને અંધકારમય બનાવનારી છે.

યુવાનો, રાજય અને દેશના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અમે સૌ આપના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ કે આપ આ સરકારને સદબુદ્ધિ આપો અને ગુજરાતના શિક્ષણ ક્ષેત્રને ઉન્નતિ તરફ લઈ જવા માટે જરૂરી આશીર્વાદ આપો.

નમન સહ, પ્રાથના, અમરેલી જીલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયા, ભાર્ગવભાઈ મહેતા, પ્રિતેશભાઈ ચૌહાણ, જયદીપભાઈ પાચાણી, કેવિનભાઈ ગજેરા, નરેશભાઈ પરમાર, આરાધ્યયાભાઈ ટાંક, નિલેશભાઈ ચૌહાણ, અને આમ આદમી પાર્ટીના સાથીઓ ઉપસ્થિત રહયા હતાં.

## અવસાન નોંધ

**સાવરકુંડલા :** સોલંકી ઉકાભાઈ દેવજીભાઈ (ઉ.વ.૭૫) તે બાબુભાઈ તથા જીવનભાઈનાં ભાઈ અને શાંતિભાઈ, લલિતભાઈ તથા મયુરભાઈનાં પિતાનું તા. ૩૦/૮/૨૩ ને બુધવારનાં રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧/૮/૨૩ ને શુક્રવારનાં રોજ સવારે ૮:૦૦ થી સાંજના ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રામજી મંદિરની બાજુમાં ગાધકડા ગામ, તા. સાવરકુંડલા ખાતે રાખેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં અનુ.જાતિનાં રાજકીય

માઈનોરીટી ના હકકો, મુળભૂત અધિકારો સાથે મોટા પ્રમાણમાં છેડછાડ થઈ રહયું છે. જેમાં આપ પણ એમાંથી અગળા નથી. સામે શાસનમાં બેઠેલ એક વર્ગ દ્વારા આ બધુ થઈ રહયું છે. આવા સમયે તમે ડો.બાબા સાહેબની અનામતના લીધે જે કાંઈ હોદાઓ ભોગવી રહયા છે. તે માત્રને માત્ર બંધારણીય જોગવાઈ છે જે તમે ખુબ સારી રીતે જાણો છો. તો આપની પાસે સમાજને અપેક્ષા છે કે તમે ડો.બાબા સાહેબે જે સાચુ સામાજીક પ્રતિનિધિત્વ કરવાનું કહયું છે. એ કરશો અને શાસક પક્ષ પાસે આનો જવાબ માંગશો અને મુળનિવાસી સમાજનાં સાચા નૈતૃત્વ કરનાર સાબિત થશો. હાલ આ આવેદન આપી યાદ અપાવવા માંગીએ છીએ કે આપ આપની જવાબદારી અને ફરજમાં ખરા ઉતરશો અન્યથા આવનાર સમયમાં સમાજનાં જાગૃત નાગરીકો અને આવનાર પેઢી આનો જવાબ માંગશો. તેમ અંતમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું વેરાવળ–ચિતલ–બનારસ વચ્ચે

લાઈનનું લોકાર્પણ થયા બાદથી આ ટ્રેક ઉપર લાંબા અંતરની એટલે કે વેરાવળ (સોમનાથ)થી વાયા જેતલસર–વડિયા–કુંકાવાવ–ચિતલ–ખીજડીયા–લાઠી–ધોળાથી અમદાવાદ થઈ હરીદ્વાર અથવા બનારસ સુધી સુપરફાસ્ટ ટ્રેન ચાલું કરવા બાબતે રેલ્વે મંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવેલ. જેના ફળ સ્વરૂપે ભારત સરકારના રેલ્વે મંત્રાલય તરફથી આગામી તા. ૧૧મી સપ્ટેમ્બરથી વેરાવળથી બનારસ સુધી સુપરફાસ્ટ ટ્રેનનું સંચાલન કરવા માટેની મંજૂરી મળી ગયેલ છે.

આ સુપરફાસ્ટ ટ્રેન સોમવારે સવારે ૪–૧૫ કલાકે વેરાવળ થી ઉપડી મંગળવારે બપોરે ૨–૩૫ કલાકે બનારસ પહોંચશે અને તેજ ટ્રેન બુધવારે સવારે ૭–૩૦ કલાકે બનારસથી ઉપડી ગુરૂવારે સાંજે ૬–૪૫ કલાકે વેરાવળ તરફ ફરશે. આ ટ્રેન અંતર્ગત જુનાગઢ, જેતલસર, વડિયા દેવળી, કુંકાવાવ, ચિતલ, ખીજડીયા, લાઠી, ધોળા, બોટાદ, ધંધુકા, સરખેજ, અમદાવાદ, નડીયાદ, આણંદ, છાયાપુરી (વડોદરા), ગોધરા, રતલામ, નાગ્દા, શામગઢ, કોટા, ગંગાપુર સીટી, આગ્રા ફોર્ટ, એતાવાહ, ગોવિંદપુરી અને પ્રયાગરાજ રેલ્વે સ્ટેશનોને સ્ટોપ પ્રદાન થયેલ છે. જેથી આ ટ્રેનનો વધુને વધુ લાભ લેવા સાંસદે અમરેલી જિલ્લાના લોકોને અપીલ કરેલ છે તેમજ જિલ્લાનાં લોકોની લાંબા સમયની માંગણી અન્વયે ટ્રેનને મંજૂરી આપવા બદલ સાંસદ નારણભાઈ કાછડીયાએ કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રાજય રેલ મંત્રી શ્રીમતિ દર્શનાબેન જરદોશીનો જિલ્લાનાં લોકો વતી આભાર વ્યકત કરેલ છે.

## સા.કુંડલા ખાતે ઔદિચ્ય બ્રહ્મ સમાજ દ્વારા સરસ્વતિ સન્માન સમારોહ યોજાયો



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા શહેરમાં આવેલ પરશુરામ ઉપવનમાં સમસ્ત ઔદિચ્ય બ્રાહ્મણ સમાજ દ્વારા બાળકોને પ્રોત્સાહન માટે સરસ્વતી સન્માન અને સાથે સમૂહ ભોજનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. તે આયોજનને સફળ બનાવવા જીગ્નેશભાઈ મહેતા, શૈલેષભાઈ મહેતા, મુકેશભાઈ જોશી, આશિષભાઈ ભટ્ટ, જતિન ઠાકર, ચંદ્રેશ પંડયા તેમજ અમિતભાઈ પંડયાએ કાર્યક્રમ સફળ કરવાની જહેમત ઊઠાવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું કુંકાવાવને સ્ટોપ ન અપાતા નારાજગી

વેરાવળથી સોમવારે સવારે ઉપડે છે અને બનારસથી બુધવારે ઉપડે છે. એવી નવી ટ્રેનનું સેડયુલ સ્ટોપ જાહેર કરાયેલ છે. તેમાં કુંકાવાવ રેલ્વે સ્ટેશને સ્ટોપ આપવામાં આવ્યો નથી. વડીયા અને ચિતલને સ્ટોપ આપવામાં આવ્યો છે અને વચ્ચે મહત્વનું સેન્ટર એવા કુંકાવાવને જાણી જોઈને બાકાત રાખવામાં આવ્યુ હોય તેવું સ્થાનિકો કહી રહયા છે. ત્યારે નવી લાઈન સાથે નવા બનેલા રેલ્વે સ્ટેશનને વધુ લાભ કુંકાવાવ અને આસપાસનાં ગામડાનાં લોકોનો મળે તેનાં બદલે પસાર થતી ટ્રેનમાં સ્ટોપ પણ આપવામાં આવતો નથી. તો આ નવી લાઈનમાં કોઈ નવી ટ્રેનનો રૂટ ચાલુ કરવાને બદલે જુનો રૂટ વેરાવળ –અમદાવાદ પણ ચાલુ કરવામાં આવ્યો નથી. આ નવી ટ્રેનમાં કુંકાવાવને અન્યાય થતાં જાગૃત લોકોએ સ્થાનિક ભાજપના આગેવાનોને જાણ કરીને સાંસદ અને ધારાસભ્ય પાસે આ નવી ટ્રેન જે આગામી દિવસોમાં ચાલુ થવાની છે તેમાં કુંકાવાવને સ્ટોપ આપવા માંગ કરવામાં આવી છે. ત્યારે તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાલાએ આ બાબતે સાંસદ અને ધારાસભ્યને લેખીતમાં રજુઆત કરી છે. ત્યારે આ આગેવાન દ્વારા કુંકાવાવને થયેલ અન્યાય દુર કરી જાહેર લોકહીતમાં કુંકાવાવને નવી ટ્રેનનો સ્ટોપ મળે છે કે કેમ તે જોવું રહયું. કુંકાવાવને કાયમ રાજકીય રીતે અન્યાય સહન કરવો પડે છે. તેવું લોકો કહી રહયા છે.

## સણોસરા પ્રાથમિક શાળાનાં બાળકોએ બુદ્ધનાથનાં દર્શન કર્યા



સણોસરા, તા. ૩૦

શ્રી સણોસરા પ્રાથમિક શાળાનાં બાળકોએ બુદ્ધનાથ મહાદેવનાં દર્શન કર્યા. પવિત્ર શ્રાવણ માસ નિમિતે મહાદેવનાં દર્શન માટે શાળાનાં બાળકો પગપાળા ગયા. અને ખુબ જ સુંદર રીતે ભગવાનની ધૂન બોલાવી ભગવાનનાં દર્શન કર્યા. આ મંદિર થોરડી આવેલું છે. અને ખુબ જુનુ મંદિર છે.

## પાના ૮ ઉપરનું ચાલું દર વર્ષે ચૂંટણી યોજાઈ તો

વ્યવસ્થામાં લોકો જ સર્વોપરી હોવા જોઈએ તેને બદલે દેશનાં રાજકીય પક્ષોએ લોકોને જ્ઞાતિ, જાતિમાં વિભાજીત કરીને મતદારો બનાવી દીધા અને અવનવા ગતકડાઓ ધ્વારા જનતાને અવળે માર્ગે ચડાવી દેવામાં આવે છે અને ચૂંટણી સમયે રાહતનાં પટારા ખોલવામાં આવે અને ચૂંટણીમાં વિજેતા થયા બાદ પુનઃ મોંઘવારી બેકાબુ રીતે આગળ વધતી જોવા મળે છે.

દેશવાસીઓએ મોંઘવારી, બેરોજગારી જેવા પ્રશ્નોનાં નિરાકરણ અર્થે જ્ઞાતિ, જાતિથી દૂર રહીને જે ઉમેદવાર યોગ્ય હોય ભલે તે અપક્ષ હોય તેને વિજેતા બનાવીને તેમના વિસ્તારની જવાબદારી સોંપવી જોઈએ.

તદુઉપરાંત જનતા જનાર્દન એવું પણ ચર્ચા કરી રહી છે કે, માત્ર ચૂંટણી વખતે જ સરકારો કે રાજકીય આગેવાનોને જનતા યાદ આવતી હોવાથી દેશમાં દર વર્ષે ચૂંટણી યોજાઈ તો પણ જનતાની સમસ્યાનું નિરાકરણ સંભવ છે.

# સા.કુંડલાનાં શિક્ષિકા ધારાબેન ગોહિલ દ્વારા ગરીબ બાળકોને વિનામૂલ્યે શિક્ષણ



આમ તો શિક્ષણ એ જ તંદુરસ્ત લોકશાહી માટે ખૂબ આવશ્યક અંગ ગણાય છે. વળી ઘણી એવી રોજગારીના સોર્સ હોય છે જેમાં શૈક્ષણિક લાયકાત જરૂરી હોય છે. આમ શિક્ષણ એ પ્રકાશની ભૂમિકા ભજવે છે અને એટલે જ કહ્યું છે કે અભણ અને અંધ બંનેની હાલત લગભગ સરખી હોય છે. આ સંદર્ભને સમજીએ તો શિક્ષણ એ ચેતના છે આપણને નીર ક્ષીરનો વિવેક સમજાવે છે. સારા નરસાની ઓળખ પણ શિક્ષણ દ્વારા થતી હોય છે. ઘણી વખત અભણ હોવાનો અમુક લોકો ગેરલાભ પણ ઉઠાવતાં હોય છે. એટલે જ જૂની પેઢીના ઘણાં લોકો પાસે જયારે કોઈ યોજના કે કોઈ દસ્તાવેજી કાગળો તૈયાર કરવાના હોય ત્યારે એવું કહેતાં સાંભળ્યાં છે કે લાવો અંગૂઠો મારી દઉં તમે કહો તે સાચું ભાઈ અમે તો અભણ અમારે તો કાળા અક્ષર કુહાડા સમાન. આમ પોતાના અશિક્ષિત અને અભણ હોવાનો વસવસો પણ વ્યકત કરતાં જોવા મળે છે. અને એવું પણ કહેતા સાંભળ્યા છે કે અમારાં નસીબમાં તો શિક્ષણ નહીં હોય પરંતુ અમારા સંતાનોને તો અવશ્ય શિક્ષણ મળે તેવું ઈચ્છીએ. અમે કાળી મજૂરી કરશું. પણ અમારાં સંતાનોને શિક્ષિત કરીશું. આમ પણ જે શિક્ષિત છે એ જ દીક્ષિત છે. ખાસ કરીને સાંપ્રત સમયમાં સરકારી શાળાઓ દિનપ્રતિદિન બંધ થતી જાય છે અને ખાનગી શાળાઓનું પ્રમાણ વધતું જાય છે. તેવી વેળાએ ગરીબ વર્ગ માટે શિક્ષણ એ મોંઘુ થતું જતું હોય આ વાતને ધ્યાનમાં રાખીને સાવરકુંડલા શહેરમાં રહેતાં ધારાબેન ગોહિલ દ્વારા આવા ગરીબ અને છેવાડાના વિસ્તારોમાં રહેતા બાળકોને નિઃશુલ્ક શિક્ષણ આપવાનું અભિયાન શરૂ કર્યું છે. તેણી રોજ સાંજે ચાર વાગ્યે સાવરકુંડલાના હાથસણી રોડના છેવાડાના વિસ્તારોમાં આવી ખુલ્લાં આકાશ નીચે વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતાં જોવા મળે છે. જો કે ખુલ્લા આકાશ નીચે અભ્યાસ કરવો થોડો કઠીન તો કહેવાય. આપણે ઈચ્છીએ કે કોઈ સેવાભાવી સંસ્થા કે સરકારી તંત્રના હૃદયમાં કરૂણા જાગે અને અહીં પાકા ઓરડાની સુવિધા ઉપલબ્ધ થાય. ધારાબેનની વ્યકિતગત મુલાકાત લેતાં જણાવ્યું હતું કે ચાર વિદ્યાર્થીઓથી શરૂઆત થઈ અત્યારે ચાલીસ કરતાં વધુ વિદ્યાર્થીઓ હોંશે હોંશે અભ્યાસ માટે અહીં આવે છે. જો કે થોડી નાની મોટી મુશ્કેલીઓ વચ્ચે પણ ધારાબેન આ અભિયાનને શરૂ રાખવાનો દ્રઢ સંકલ્પ કર્યો હોય હાલ તો શૈક્ષણિક કાર્ય ચાલુ છે. આ સામાજિક શૈક્ષણિક કાર્યમાં વાલીઓ પણ હોંશે હોંશે પોતાના બાળ કોને અભ્યાસાર્થે મોકલી રહ્યા છે. જો કે આ પ્રવૃત્તિમાં વધુ સેવાભાવી જોડાય તો ધારાબેનના આ શૈક્ષણિક અભિયાનને ખાસ્સો વેગ મળે.છતાં એક સરસ પ્રારંભ છે. આવી સેવાકીય પ્રવૃત્તિઓ બદલ ધારાબેનને પણ શહેરમાંથી અભિનંદન પાઠવાય રહ્યા છે. આપ પણ આપના ફાજલ સમયનો સદુપયોગ સમાજોપયોગી પ્રવૃત્તિઓમાં કરીને સામાજિક દાયિત્વની ભાવનાને વેગ આપી શકો છો. આ શિક્ષણની જયોત સદાય પ્રજવલિત રહે.

# અમરેલીનાં વિદ્યાસભા કેમ્પસમાં નેશનલ સ્પોર્ટસ-ડેની ઉજવણી







અમરેલીના આંગણે વિદ્યાસભા કેમ્પસમાં ૨૯ ઓગષ્ટ ૨૦૨૩ વિશ્વ વિખ્યાત હોકીનાં ખેલાડી મેજર ધ્યાનચંદજીના જન્મદિવસ નિમિતે સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત અને અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી એસ.એચ. ગજેરા જિલ્લા કક્ષા સ્પોટર્સ સ્કુલ આયોજિત નેશનલ સ્પોર્ટસ–ડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ નારણભાઈ કાછડીયાની ખાસ ઉપસ્થિતી સાથે જિલ્લા રમત વિકાસ અધિકારી પુનમબેન ફુમકીયા, મનસુખભાઈ ધાનાણી મંત્રી વિદ્યાસભા, ચતુરભાઈ ખુંટ, મંત્રી વિદ્યાસભા, વસંતભાઈ પેથાણી, ડાયરેકટ વિદ્યાસભા સ્કુલ તેમજ એમ.કે.સાવલીયા, ખોડાભાઈ સાવલીયા, ગોવિંદભાઈ ગોંડલીયા, પી.ડી.મિયાણી, હિરેનભાઈ હિરપરા, સૌરભભાઈ મકવાણા, ઈતેશભાઈ મહેતા, દિવ્યેશભાઈ વેકરીયા, રાજેશભાઈ ગઢીયા, રોહિતભાઈ જીવાણી, મુણાલભાઈ ગાંધી, અતુલભાઈ પટેલ, એમ.એમ.પટેલ, ચુડાસમા, ઉમંગભાઈ પરમાર હાજર રહીને ખેલાડીઓને સ્પોટર્સ ક્ષેત્રે અનેરી સિદ્ધીઓ મેળવવા માટે પ્રોત્સાહન પુરૂ પાડયું હતું. કૌશિકભાઈ વેકરીયા અને નારણભાઈ કાછડીયાએ પોતાનાં વકતવ્યમાં વિદ્યાર્થીકાળ દરમિયાન વિદ્યાર્થીઓ રમત–ગમતની પ્રેકટીસ કરી સુષુપત શકિતઓ મુજબ રમત – ગમત ક્ષેત્રે હુન્નરથી આંતરાષ્ટ્રીય કક્ષા સુધીનાં સ્પર્ધાઓમાં ભાગ લઈ સિદ્ધી પ્રાપ્ત કરે તે માટે તમામ ખેલાડીઓને શુભેચ્છાઓ આપી. મેજર ધ્યાનચંદજીના જન્મ દિવસે તેની રમત–ગમત અંતર્ગત જીવનચરિત્ર અને સિદ્ધીઓ વિશે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમમાં તમામ ખેલાડીઓમાં રમત–ગમતમાં ભાગ લેવા માટે પોતાનો હુન્નર સાબિત કરવાનો ખુબ ઉત્સાહ જોવા મળ્યો હતો. આ તકે કાર્યક્રમમાં વ્યાયામ શિક્ષકોનું જેઓ તાલુકા કન્વીનર તરીકે ફરજ બજાવે છે. તેઓને સન્માનિત કરવામાં આવેલ હતા. સાથે સાથે નેશનલમાં મેડલ પ્રાપ્ત કરેલ સ્કુલ અને કોલેજના ખેલાડીઓને પણ ઉપસ્થિત મહેમાનો દ્વારા મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આજ રોજ નેશનલ સ્પોર્ટસ – ડે નિમિતે હોકી અને હેન્ડબોલની જિલ્લા કક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ હતું. જેમા કૌશિકભાઈ વેકરીયા અને નારણભાઈ કાછડીયા દ્વારા સ્પર્ધાઓ ખુલ્લી મુકવામાં આવેલ હતી અને ખેલાડીઓને પાર્ટીસિપેટ કરવા માટે શુભેચ્છાઓ પાઠવેલ હતી. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ તથા ડાયરેકટ વસંતભાઈ પેથાણી દ્વારા સંસ્થામાં સ્પોટર્સને આપવામાં આવતું પ્રોત્સાહનથી વિદ્યાર્થીઓ સ્પોટર્સ ક્ષેત્રે ખુબ જ આગળ વધી રહયા છે. અને નેશનલમાં મેડલ લાવી શાળા અને અમરેલી જિલ્લાનું નામ રોશન કરે છે. ત્યારે આયોજકો અને તમામ ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## કશ્યપ

## આપણા ઋષિઓ...



સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા



સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક

**(૬) કશ્યપ...**

ધર્મ સાથે પરણાવી, તેર કન્યાઓ કશ્યપને પરણી, સત્તાવીશ ચંદ્ર સાથે વિવાહિત થઈ. બે કન્યા ભૂત સાથે, બે અંગિરા સાથે અને બે બહેનો કૃશાશ્વ સાથે પરણી, બાકી રહેલી ચાર બહેનો તાર્ક્ષ્ય નામે ઓળખાતા બીજા એક કશ્યપ સાથે લગ્નગ્રંથિથી જોડાઈ.

આપણે કશ્યપની વાત કરીએ તો તેમની સાથે લગ્ન કર્યો છે. તેવી તેર કન્યાઓનાં નામ અદિતિ, દિતિ, દનુ કાલિ, દનાયુ, સિંહિકા, ક્રોધા, પ્રાધા, વિશ્વા, વિનતા, કપિલ, મનુ અને કદ્રુ હતી.

અદિતિ કશ્યપને સૌથી વધુ પ્રિય હતી. કારણ કે અદિતિ સદાય શેષશાયી ભગવાન આદિનારાયણમાં ધ્યાનસ્થ રહેતી. અદિતિની કૂખેથી બાર આદિત્યોનો જન્મ થયો. જેમાં ભગવાન નારાયણનો ખુદનો વામન અવતારરૂપે પણ સમાવેશ થાય છે. આ સમયગાળ ો હતો. ચાક્ષુય મન્વન્તરનો અને કહેવાય છે કે તુષિત નામનાં બાર શ્રેષ્ઠ ગણોએ બાર આદિત્યોરૂપે જન્મ લીધો. બાર આદિત્યો એટલે કોણ ? વિવસ્વપ્ન, અર્યમાં, પુષા, ત્વષ્ટા, સવિતા, ભગ, વરૂણ, ધાતા, વિધાતા, મિત્ર, ઈન્દ્ર અને ત્રિવિક્રમ (વામન ભગવાન) કહેવાય છે કે ભગવાન આદિનારાયણે ત્રણ વખત અદિતિનાં ગર્ભથી અવતાર ધારણ કરેલો છે. તપોનિધિ ભગવાન કશ્યપ અને મહાસતી અદિતિની ઘોર તપસ્યાનાં પ્રતાપે કરીને જ નિર્ગુણ પરમાત્મા સગુણ રૂપમાં અવતરિત થયા છે.

દિતિએ બે પુત્રોને જન્મ આપ્યો : હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ, બે દૈત્યોનો જન્મ થયો અને સિંહિકા નામની એક પુત્રી પણ જન્મ પામી, આ ઉપરાંત દિતિનાં ગર્ભથી કશ્યપને બીજા ૪૯ પુત્રો પણ પ્રાપ્ત થયા. એ બધા મરૂન્દણ કહેવાયા, કશ્યપના આ પુત્રો નિ : સંતાન જ રહ્યા. પરંતુ હિરણ્યકશિપુને ચાર પુત્રો જન્મ્યા : અનુહલ્લાદ, હલ્લાદ, પ્રહલાદ અને સંહલ્લાદ, પ્રહલાદને આપણે ભકત પ્રહલાદના નામથી ઓળખીએ છીએ. પ્રહલાદનો પૌત્ર તે મહાદાની બલિરાજા.

અદિતિના પુત્ર વિવસ્વાનનાં લગ્ન સંજ્ઞા નામની કન્યા સાથે થયેલા. તેઓને મનુ તથા યમ–યમુના નામનાં જોડિયા ભાઈ–બહેન એમ ત્રણ સંતાનો હતાં. ત્યારપછી અમુક સમય વીત્યા બાદ આ દંપતીએ બે અશ્વિનીકુમારો, શનૈશ્વર, સાવર્ણિ મનુ તથા તપતીને જન્મ આપ્યો. તેમાથી મહારાજ મનુને ઈક્ષ્વાકુ, નૃગ, ધૃષ્ટ, શર્યાતિ, નરિષ્યન્ત, પ્રાન્શુ, નાભાગ, દિષ્ટ, કરૂષ અને પૃષધ નામનાં દશ શ્રેષ્ઠ અને પરાક્રમી પુત્રો પ્રાપ્ત થયા.''શ્રીમદ ભાગવત'' કહે છે કે અદિતિ અને દિતિના પુત્રોને સતત અણબનાવ રહેતો. દિતિના પુત્રો દૈત્યો. અસુરોએ અનેકવિધ ત્રાસ ફેલાવી અદિતિ તેમ જ તેના પુત્રોનાં લક્ષ્મી, યશ, માન–સ્થાન હરી લીધા. અસુરોથી ત્રસ્ત અદિતિ–પુત્રો નાસી ગયા. આથી અદિતિ અત્યંત શોક પામી. ત્યારે કશ્યપઋષિએ અદિતિને 'પયોવ્રત' કરવાનું સૂચન કર્યુ. આથી શ્રીહરિ તેમની કામના પુર્ણ કરવા માટે તેના પુત્ર તરીકે અવતર્યા. જેને આપણે વામનઅવતાર તરીકે વંદીએ છીએ.

દનુ દ્વારા કશ્યપને ત્યાં દ્વિમૂર્ધા, શમ્બર, અરિષ્ટ, હયગ્રીવ, વિભાવસુ, અરૂણ, અનુતાપન, ધૂમ્રકેશ, વિરૂપાક્ષ, દુર્જન, અયોમુખ, શંકુશિરા, કપિલ, શંકર, એકચક્ર, મહાબાહુ, તારક, મહાબલ, સ્વર્ભાનું, વૃષપર્વા, મહાબલી, પુલોમ, વિપ્રચિતિ વગેરે ૬૧ પુત્રોનો જન્મ થયો.

વળી કશ્યપને તિમિથી જળ –જીવો, સરમાથી શિકારી પશુઓ, સુરભિથી પાડાઓ, ગાયો જેવાં બે ખરીવાળાં પ્રાણીઓ, તામ્રાથી બાજપક્ષી, ગીધ જેવાં શિકારી પક્ષીઓ, મુનિથી અપ્સરાગણ, અરિષ્ટાથી ગંધર્વો, કાષ્ઠાથી એક ખરીવાળાં પ્રાણીઓ, સુરસાથી યાતુધાનો, ક્રોધવશાથી, દંદશૂક વગેરે, ઈશાથી સર્વ હુક્ષ અને લતાઓ સહિત પૃથવી પરની સઘળી વનસ્પતિનો જન્મ થયો. કશ્યપે વિનતા, કદ્ર, પતંગી તથા યામિની નામની ચાર દક્ષકન્યાઓ સાથે પણ લગ્ન કરેલા, તેમાંથી પતંગીએ પક્ષીઓ ઉત્પન્ન કર્યા. યામિનીએ તીડો ઉત્પન્ન કર્યા, વિનતાએ સાક્ષાતુ યજ્ઞેશ – ભગવાનનાં વાહન ગરૂડ તથા સુર્યનાં સારથિ અરૂણને પુત્ર તરીકે જન્મ આપ્યો અને કદ્રએ અનેક નાગને ઉત્પન્ન કર્યા, જેમાં અનંત (શેષનાગ) વાસુકિ, તક્ષક, કર્કોટક, પદ્મ, મહાપદ્મ, શંખ અને કૃલિક મુખ્ય નાગ ગણાય છે. બ્રહ્માજીની આજ્ઞા પ્રમાણે કશ્યપઋષિએ વૈશ્વાનરની બે પુત્રીઓ પુલોમાં અને કાલકા સાથે લગ્ન કર્યા, જેમનાં થકી કશ્યપને ત્યાં પૌલોમ અને કાલકેય નામનાં સાઠ હજાર રણવીર દાનવોનો જન્મ થયો. આ બધા પુત્રો કાલાંતરે નિવાતકવચનાં નામથી પ્રખ્યાત થયા. સ્વભાવે જ દાનવ હોવાથી તેઓ બધા જ યજ્ઞોનો નાશ કરનારા, રંજાડવાનાં સ્વભાવવાળા હતા. આથી જયારે દિવ્ય અસ્ત્રો મેળવવા અર્જુન સ્વર્ગમાં ઈન્દ્ર પાસે ગયો ત્યારે ઈન્દ્રને સહાય કરવાનાં હેતુથી આ બધા નિવાતકવચોનો નાશ કરેલો. કશ્યપની આ બધી જ પત્નીઓ થકી એટલાં બધા અને વિવિધ પ્રકારનાં સંતાનો ઉત્પન્ન થયા, એટલે પૃથ્વી ભરચક બની ગઈ. કશ્યપનાં પુત્ર–પૌત્રો વગેરેથી (

**સૌજન્ય આપણાં મહાન ઋષિઓ**

**(ક્રમશઃ)**

# ખાંભાનાં તાતણીયા ગામે અમૃત મહોત્સવ અંતર્ગત ડેન્ગ્યુ મચ્છરની પુર્ણાહુતી કરવામાં આવી

સાવરકુંડલા. તા.૩૦

સાવધાની જ સુરક્ષએ સૂત્રને લક્ષમાં રાખીને ખાંભા તાલુકામાં સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુર સંચાલિત જનતા વિદ્યાલય, તાતણિયામાં સંસ્થાનાં ૭૫ વર્ષ પુર્ણ થયા હોઈ ઉજવાઈ રહેલ અમૃત મહોત્સવનાં અનુસંધાને શાળાનાં 'પુઝય બા દાદા એન.એસ.એસ.યુનિટ'' અને કરૂણા કલબ દ્વારા સમગ્ર શાળાનાં વિદ્યાર્થીઓ માટે ''ડેગ્યુ મહિનાની'' પુર્ણાહૂતિ ડિઝિટલ કરવામાં આવી. આ અનુસંધાને શાળા જૂન મહિનામાં શરૂ થઈ ત્યારે મેલેરિયા અને ડેંગ્યુ રોગોની મહત્તમ જાણકારી શાળાના સ્ટાફ અને મેડિકલ સ્ટાફ દ્વારા આપવામાં આવેલી. આ કાર્યક્રમ અંતર્ગત બાળકો આ રોગોનો ભોગ ન બને અને અન્ય લોકોમાં પણ જાગૃતિ ફેલાવે તે માટે તેમને આ રોગ અંગે પૂરેપૂરી માહિતી આપવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે આ રોગ કેવી રીતે થાય છે, આ રોગ પાછળ જવાબદાર સંજોગો અને જંતુઓની માહિતી, આ રોગ થયા પછી કેવી કાળજી રાખવી જોઈએ, રોગોના લક્ષણો કયા – કયા છે, રોગોના સારવાર માટે કઈ પદ્ધતિ ઉપયોગમાં લેવાય છે, અન્યને રોગ ન થાય તે માટે કઈ કાળજી લેવી જોઈએ અને આ રોગ ન થાય તે માટે અગાઉથી કેવી રીતે સાવચેતી રાખી શકાય વગેરે છે.આ બધી જ માહિતી તાતણિયા દવાખાના સ્ટાફ તરફથી પૂરી પાડવામાં આવેલ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કિલપ દ્વારા આપવામાં આવી. વિદ્યાર્થીઓના ધોરણ વાઈઝ કરેલ વોટસએપ ગ્રુપમાં આ તમામ પીપીટી મૂકી અને વિદ્યાર્થીઓને તેનો અભ્યાસ કરવાની જાણ કરવામાં આવી.આમ મેલેરિયા અને ડેંગ્યુ રોગ માટે વિદ્યાર્થી જાગૃત થાયએ માટે વિદ્યાર્થીને આગોતરી માહિતી આપ્યા બાદ આ પીપીટી મુક્ત વિદ્યાર્થી ખરા અર્થમાં સભાન થયા અને આ રોગ ન થાય તે માટેની સાવચેતી રાખતા થયા.

આ ઉપરાંત શાળા કક્ષાએ આ રોગ અંગે વિદ્યાર્થીને એક પ્રોજેકટ બનાવવાની પણ સુચના આપવામાં આવી જેના અનુસંધાને ધોરણ નવના વિદ્યાર્થીઓ એક સુંદર મજાનો પ્રોજેકટ તૈયાર કરી રહેલ છે. જે હવે પછીથી શાળાના પ્રદર્શનમાં મુકાશે.

# બાબરાના કોટડાપીઠા ખાતે આગામી નવે.માં સર્વજ્ઞાતી સમુહલગ્ન યોજાશે

બાબરા, તા.૩૦

સર્વરી હિતય સેવા સંસ્થાન આટકોટ દ્વારા બાબરા તાલુકાના કોટડાપીઠા ખાતે તા.૨૯/૧૧/૨૦૨૩ના રોજ દશમાં સર્વદપતીય સમુહલગ્ન યોજાશે. જરૂરીયાતમંદ વર્ગ માટે છેલ્લા દસ જેથી યોજના સર્વજ્ઞાનીય સમુહલગ્નનાં આયોજન જેમ આ સર્વ પાણી દસમાં સમુહલગ્નનું આયોજન કરવામાં આવેલ છે. લગ્નનો સમય અને મુર્હુત આગામી સવેત ૨૦૮૩ કારતસુદ અને બુધવારના અર્થેના રોજ એન્ટનાં યોજાશે જેમાં જોડાવા માગતા નમહેરતીના બાલતર ફોર્મ ભરવાની છેલ્લીના ૩૫ થી ૨૩ શનિવાર સુધી રાખવામાં આવેલ છે. ફોર્મ વેલાને પેલાનાં ધોરણે સ્વીકારશે. સર્વ હિતાય સેવા સંસ્થાન આ સીમદાર પણ અનેક સામાજીક જવાબદારી સામે પ્રવૃતી કરવામાં આવે છે.જેમકે સર્વરોગ નીદાન કેમ્પ આંખના નંબર તપ્તમી વીજળ મુલ્યે દવા આપી ચશ્મા વગેરે જેમાં આ વખતે મોર પોસુ સમીન સામાજીક સમરસતાનાં ભાગરૂપે બાબરા તેમજ જુસુકડની તાલુકામાંથી એક વ્યકિત કે જે સમાજ અને સમગ્ર માટે કામ કરી અને સમાજને રાહબર બનાવતા હોય તેમનું પાંચાળ રત્ન એવોર્ડથી સમાનીત કરવામાં આકારો તેમજ ફોર્મ જોડાણ તેમજ ભરીને અમ માટે ટ્રસ્ટી ડો.નરોડીયા ૯૪૨૬૪ ૬૦૮૧૦ તેમજ પ્રભાતભાઈ કોઠીવાળ વૃદાવન મોળીયન ૯૪૨૬૯ ૩૮૩૪૧ ચેતનભાઈ પંચોળી આટકો ૭૬૦૦૯૪૯૨ ૨૭ નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# ધારીની યોગી વિઝન ઈન્ટરનેશનલ સ્કુલમાં ચંદ્રયાન-૩ની સફળતાની ઉજવણી

અમરેલી, તા.૩૦

કર્મભુમી સમગ્ર વિશ્વ, બાળક જેટલી નિર્દોષતા, ઈશ્વર સમર્પિત જીવન અને કરૂણામુર્તિ એવા પ.પૂ.યોગીજી મહારાજ સ્વામીરાયણ સંપ્રદાયના મહાન સંતની જન્મભુમી ગીરનાં પ્રવેશદ્વાર સમા ધારી ગામ ખાતે હરીભાઈ અને મગનલાલ ડ્રેસવાલા પરીવાર દ્વારા આજથી લગભગ ૮૫ વર્ષ પહેલાં મારા દાદા પૂ.સ્વ.પોપટબાપા (પોપટલાલ ત્રીભોવનદાસ, રૂપારેલીયા–દેવળળ ા–ધારી) ના દીકરી લીલાવતીબેન (સ્વ.લીલાબેન વ્રજલાલભાઈ વસાણી–મુંબઈ)ના લગ્નવખતે તે વખતે અલભ્ય એવી વિદ્યાભ્યાસ માટે ડ્રેસવાલા છાત્રાલયનો પ્રારંભ કર્યો હતો. જયાં સંતો પુ.યોગીજી મહારાજ – પ્રમુખ સ્વામી મહારાજ સહીતના વૈશ્વીક સંતોનાં પગલાઓ કરી તેમની કરૂણા અને આશીર્વાદ તથા સ્થાપકો સ્વ. હરીભાઈ અને મગનલાલ ડ્રેસવાલા તથા પુ.સ્વ.પોપટબાપા (પોપટલાલ ત્રીભોવનદાસ, રૂપારેલીયા–દેવળા–ધારી)ની અતંરીક્ષમાંથી વહેતી અવીરત ઉર્જા થી અવીરતપણે શિક્ષણ કાર્ય થઈ રહયું છે. વર્ષો સુધી કુમાર નછાત્રાલય પછી કન્યા છાત્રાલય અને છેલ્લા થોડા વર્ષોથી યોગીવિઝન ઈન્ટરનેશનલ સ્કુલનાં સ્વરૂપેમાં સરસ્વતીની આરાધના થઈ રહી છે. આ સ્કુલ હાલમાં શ્રી ગીરીશભાઈ ડ્રેસવાલા–ચારૂબેન ડ્રેસવાલા (મુંબઈ) ઉષા રૂપારેલ અને એક વર્ષ પહેલા શ્રીજીચરણ પામેલા ૯૭ ની ઉમંર હોવા છતાં છેક છેલ્લા શ્વાસ સુધી આ સંસ્થાની ચીંતા કરનાર પિતા ધીરૂબાપા તથા રી અષ્ટકાંત સુચકના સતત માર્ગદર્શન અને શિક્ષણની જયોત પ્રજવલીત રાખનાર આચાર્યા શ્રીમતી ગીતાબેન ઠુંમર અને સમગ્ર શિક્ષકગણ બાળકોને સાંપ્રત સમયની સાથે સાંકળીને બાળકોને વિવિધ કાર્યક્રમો યોજી શિક્ષીત અને દીક્ષીત કરી રહયા છે. હાલમાં ભારત દેશનો અંતરીક્ષ સંશોધનનો અનોખો અને અજોડ એવો માં ચંદ્રયાન–૩ નાં પ્રોજેકટની ઐતીહાસીક સફળતાની ક્રેડીટ યોગ્ય રીતે આઈએસઆરઓનાં વૈજ્ઞાનિકોને આપવા બાળકો દ્વારા જ ''આઈએસઆરઓ''ની પ્રતિકૃતી બનાવી અનોખી રીતે ઉજવણી કરી હતી.

## પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ એમ.જે.પરાશરનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલીમાં આગામી ૯ સપ્ટે.નાં રોજ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન

**લોક અદાલત એટલે ના કોઈનો વિજયનાં કોઈનો પરાજય**

અમરેલી, તા.૩૦

તા.૦૯ મી સપ્ટેમ્બર ૨૦૨૩ શનિવારનાં રોજ જિલ્લા કાનૂની સેવા સતા મંડળ, અમરેલીનાં ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ એમ.જે.પરાશરના અધ્યક્ષ સ્થાને જિલ્લા અદાલત તેમજ જિલ્લાનાં દરેક તાલુકાની કોર્ટોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજનન કરવામાં આવેલ છે. આ લોક અદાલતનો લાભ મહતમ પક્ષકારો લઈ શકે તે માટે ગુજરાત રાજયના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજય કાનૂની સેવા સતા મંડળનાં મુખ્ય સંરક્ષક જસ્ટિસ શ્રીમતિ સુનિતા અગરવાલ તથા ગુજરાત રાજય કાનૂની સેવા સતા મંડળનાં કારોબારી અધ્યક્ષ જસ્ટિસ એન.વી.અંજારિયા દ્વારા તમામ કાનૂની સેવા સતા મંડળ તથા કાનૂની સેવા સમિતિને જરૂરી માર્ગદર્શન આપેલ છે. આ લોક અદાલતમાં રાજયનાં કોઈપણ જિલ્લા, તાલુકા, ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટમાં પડતર કેસ કે જેમાં મોટર અકસ્માતનાં વળતરના કેસ, દીવાની દાવા, ચેક પરતને લાગતા કેસો, જમીન સંપાદનને લગતા કેસ, કામદાર તથા માલિક ને લગતી તકરાર, માત્ર દંડથી શિક્ષાપાત્ર કેસો તથા તમામ પ્રકારનાં સમાધનલાયક કેસો સમાધાન માટે મુકી શકાય છે.આ અવસરનો લાભ લેવા નજીકની તાલુકા કે જિલ્લા કે હાઈકોર્ટમાં કાનુની સેવા સતા મંડળની ઓફિસનો સંપક કરવો અથવા ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો અથવા રાજય કાનૂની સેવા સતા મંડળની વેબસાઈટનો સંપર્ક કરવો અથવા જિ.કા.સે.સ.મં.અમરેલી ફોનનાં ૦૨૭૯૨ ૨૨૯૮૨૪ ઉપર સંપર્ક કરવો લોક અદાલત એટલે લોકોની અદાલતના કોઈનો વિજયના કોઈનો પરાજય.

# અમરેલીની માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી




સ્વદેશી જાગરણ મંચ દ્વારા ૨૧ ઓગષ્ટ સમગ્ર ભારતમાં 'ઉદ્યોગ સાહસિકતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. અમરેલી જિલ્લા વિદ્યાસભા અમરેલી દ્વારા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ–અમરેલીમાં તા.૨૫/૮/૨૦૨૩ને શુક્રવારનાં રોજ 'વિશ્વ ઉદ્યમિતા દિવસ' (WORLD ENTRE3 PRENEURS DAY) ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં કોલેજની ભુતપુર્વ વિદ્યાર્થીનીઓ કે જેઓ હાલમાં ગવર્નમેન્ટ જોબમાં કે અન્યને રોજગાર પ્રાપ્ત કરાવવામાં નિર્ણાયક ભૂમિકા અદા કરી, વિવિધ ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી છે. તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. અને તેઓએ કોલેજની વર્તમાન વિદ્યાર્થીનીઓને પોતાની સફળ તાની રસપ્રદ વાત વાત કહી સૌને પ્રેરણા પુરી પાડી હતી. આ પ્રસંગે શ્રી દિપક હાઈસ્કુલ અમરેલીનાં શિક્ષિકા શ્રીવાજા રીટાબેન, જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ સ્કુલ–અમરેલીનાં શિક્ષિકા જસ્મિનાબેન ખંધેડિયા, સી.આર.સી. બી.આર.સી. ભવન–માણેકપરા, અમરેલીનાં જોષી હેતલબેન અને મહિલા પોલીસ વિભાગ અમરેલીના ડો.ગૌરીબેન પટોળીયા ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમ નિમિતે શ્રીભુવા પ્રાથમિક કન્યાશાળા ચલાલાનાં શિક્ષિકા સતાસિયા પુર્ણી વસંતભાઈ, નિયામક ટી.પી.અને એમ.ટી.ગાંધી ગર્લ્સ સ્કુલ અમરેલીનાં અરૂણાબેન માલાણી અને સમાજસેવિકા અમરેલી દુધાત દતૂબેન પોતાની સફળ તાની વાર્તા લખીને મોકલાવી હતી. અને પોતાનો સંદેશ પહોચાડયો હતો. કાર્યક્રમનો મંગલ પ્રારંભ સમુહ પ્રાર્થના અને દીપપ્રાગટય ઉપસ્થિત કોલેજની સફળતા પ્રાપ્ત વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત સર્વેનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રિન્સિ.ડો.ચુડાસમાએ પ્રસંગોચિત ઉદબોધન અને શબ્દોથી સ્વાગત કર્યુ હતું. ડો.વેલિતય કાર્યક્રમની રૂપરેખા અને મહત્વ વિશે જણાવ્યુ હતું. ઉપસ્થિત સર્વે ભુતપુર્વ વિદ્યાર્થીનીઓએ પોતાનો પ્રતિભા અને સકસેસ સ્ટોરી કહી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રા.નયનાબેન જોષી, ધર્મેન્દ્રભાઈ અધ્યારૂ અને સગમ્ર સ્ટાફ પરિવારનો સહયોગ પ્રાપ્ત થયો હતો. સમગ્ર કાર્યક્રમનુનં સંચાલન હિન્દી વિભાગનાં અધ્યક્ષ ડો.વેલિયત કર્યુ હતું. અને આભાર દર્શન અંગ્રેજી વિભાગનાં અધ્યક્ષ પ્રા.જૈમિનભાઈ જોષીએ કર્યુ હતું.

## વિધાનસભા અને લોકસભાની ચૂંટણી નજીકમાં હોય રાંધણગેસનાં ભાવમાં ઘટાડો


# દર વર્ષે ચૂંટણી યોજાઈ તો જનતાને મોંઘવારી, બેરોજગારીથી રાહત મળે

દેશની તમામ સરકારો કે રાજકીય પક્ષોને ચૂંટણીનાં દિવસોમાં જનતાની ચિંતા થતી જોવા મળી રહી છે

ગરજ સરીને વૈદ્ય વેરી કહેવતની જેમ ચૂંટણી પૂર્ણ થશે અને પુનઃ રાંધણગેસનાં ભાવમાં ભડકો થશે

લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોને સર્વોપરી સમજવાને બદલે સરકાર લોકોને મતદારની નજરે નિહાળી રહી છે

જનતા જનાર્દને પણ મોંઘવારી, બેરોજગારી જેવા પ્રશ્નોને લઈને જ મતદાન કરવું પડે તો જ રાહત મળે તેમ છે



પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૩૦

ભારત દેશમાં જયારે જયારે વિધાનસભા કે લોકસભાની ચૂંટણીઓ નજીકમાં હોય તે સમયે જ સરકારોને જનતા જનાર્દનની ગરીબી, મોંઘવાર અને બેરોજગારી જેવી સમસ્યાઓ ધ્યાને આવતી હોય છે અને તે સમયે જનતાને મતદારો સમજીને રાહત આપવામાં આવે છે.

આગામી ૧૦૦ દિવસમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીશગઢ, તેલંગાણા અને મિઝોરમ વિધાનસભાની ચૂંટણીઓ યોજાવવાની હોય બાદમાં લોકસભાની ચૂંટણી પણ યોજાશે તેને અનુલક્ષીને કેન્દ્ર સરકારે ગૃહિણીઓને ખૂશ કરવા માટે ઘરેલું રાંધણગેસમાં રૂપિયા ૨૦૦નો ઘટાડો કરવામાં આવ્યો છે. તેમજ રાજસ્થાન સહિતનાં ચૂંટણીલક્ષી રાજયોમાં પણ તે પ્રદેશની રાજય સરકાર અને મુખ્ય વિપક્ષી નેતાઓ ધ્વારા વચનોની વણઝાર શરૂ કરવામાં આવી છે.

લોકશાહી શાસન

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલીમાં આમ આદમી પાર્ટીએ સરસ્વતી માતાને પ્રાર્થનાપત્ર અર્પણ કર્યો

## જ્ઞાન સહાયક પદ પર હંગામી ધોરણે શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય રદ કરાવો

ભાજપ સરકારને સદ્‌બુધ્ધિ આપવા પ્રાર્થના કરાઈ



અમરેલી તા. ૩૦

રાજય સરકાર દ્વારા સરકારી શાળામાં શિક્ષકોની ભરતી માટે ૧૧ મહીનાના કોન્ટ્રેક્ટ પર જ્ઞાન સહાયક પદ પર હંગામી ધોરણે શિક્ષકોની ભરતી કરવા જઈ રહી છે. ત્યારે ગુજરાતના નાગરીકો, નોકરીલાયક TET-TAT પાસ કેરલા

અનુસંધાન પાના ૬ ઉપર

### પ્રકૃતિનાં અવનવા સ્વરૂપો સામે આવી રહ્યાં છે

## ફરી ધરા ધ્રુજી : સાવરકુંડલા, ખાંભાનાં ગામડામાં ૧.૨ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

અનેક ગામોની જનતામાં ચિંતાનો માહોલ ઉભો થયો

સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલામાં ખાંભાના ભાડ ગામે ભૂકંપનો આંચકો આવ્યો છે સાથે જ લાડ સહિત મિતિયાળામાં પણ ભૂકંપનો આંચકો ગામના લોકોએ અનુભવ્યો છે. ગાંધીનગર સિસ્મોલોજી વિભાગ દ્વારા આ ભૂકંપ ૧.૨ ની તીવ્રતાનો હોવાની પુષ્ટી કરી છે.

### વડિયા અને ચિતલને સ્ટોપ અપાયો

## વેરાવળ–બનારસ રૂટની નવી ટ્રેનમાં કુંકાવાવને સ્ટોપ ન અપાતા નારાજગી

આગેવાનોએ સાસંદ અને ધારાસભ્યને રજુઆત કરી




કુંકાવાવ, તા. ૩૦

કુંકાવાવને રેલ્વેની બ્રોડગેજ લાઈન મળી, નવુ રેલ્વે સ્ટેશન મળ્યુ પણ ટ્રેન માત્ર એક જ ચાલુ છે. જેતલસરથી ઢસા બીજી કોઈ ટ્રેન નથી જયારે રેલ્વે તંત્ર દ્વારા નવી ટ્રેન વેરાવળથી બનારસ ટ્રેન ચાલુ કરવામાં આવી છે અને

અનુસંધાન પાના ૬ ઉપર

### પરસેવાની મુડી છેતરપીંડી દ્વારા ચાલી ગઈ

## અમરેલીનાં નિવૃત્ત બેન્ક કર્મીએ ઓનલાઈન ફ્રોડ થતાં પાણા ખાણમાં કૂદી અંતિમવાટ પકડી

સીટી પોલીસે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી



અમરેલી, તા. ૩૦

અમરેલીનાં લાઠી રોડ ઉપર આવેલ બ્રાહ્મણ સોસાયટીમાં રહેતા દિનેશચંદ્ર છગનલાલ સરવૈયા નામના ૬૪ વર્ષિય વૃધ્ધ અગાઉ બેન્કમાં નોકરી કરતા હતા. ત્યારે તેમની સાથે ઓનલાઈન નાણાકીય ફ્રોડ થયેલ હોય જેની ચિંતામાં રહેતા હોય. જેથી ગત તા. ૨૭નાં રોજ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયેલ હતા. ત્યારે ગઈકાલે સવારે તેમનો મૃતદેહ ચિતલ રોડ ગોળ દવાખાના પાછળ આવેલ પાણાખાણમાંથી મળી આવતા તેમણે આપઘાત કરી લીધાનું સીટી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સ્વયંમ સૈનિક દળે, રાજકીય આગેવાનોને આવેદનપત્ર પાઠવ્યું

## અમરેલી જિલ્લાનાં અનુ.જાતિનાં રાજકીય આગેવાનોનાં અકળ મૌનનો વિરોધ શરૂ

ડો. બાબા સાહેબનાં માર્ગ પર ચાલવા અનુરોધ કર્યો

અમરેલી, તા.૩૦

અમરેલીમાં આજે સ્વયંમ સૈનિકદળ દ્વારા અનુ.જાતિ સમાજનાં રાજકીય આગેવાનોને આવેદનપત્ર પાઠવવામાં આવેલ.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, ભારતભરમાં એસ.સી., એસ.ટી.ઓ.બી.સી અને minority ઉપર અત્યાચારનું પ્રમાણ ખુબ જ વધી રહયું છે. જેમાં જ ધન્યકૃત્યો અને ક્રૂર અત્યાચાર તેમજ બંધારણીય હકકોનું હનન નજરે દેખાય છે. બંધારણમાં ફેરફારથી લઈ બંધારણ બદલવા સુધીની તૈયારીઓ શરૂ છે. જેમાં એસ.સી., એસ.ટી.,ઓબીસી અને

અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)